

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 226
Dt.: 28-04-2026,
Tuesday
Page : 04
Rs.00.50 paisa


### બંગાળ ચૂંટણીની અંતિમ રેલીમાં મોદીનો આત્મવિશ્વાસ!

# ૪ મે પછી ભાજપના શપથગ્રહણ સમારોહમાં મારે આવવાનું જ છે

### આ સાથે વડાપ્રધાને લોકોને મોટા પ્રમાણમાં મતદાન કરવા અપીલ કરી અને મજબૂત સરકારની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો


(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ના અંતિમ તબક્કા પહેલા બેરેકપુરમાં યોજાયેલી વિશાળ રેલી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીતનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો છે. આ રેલી ભાજપ માટે મહત્વપૂર્ણ અંતિમ પ્રચાર સભા તરીકે જોવામાં આવી રહી છે, વડાપ્રધાને રેલીની શરુઆતમાં જણાવ્યું હતું કે, આ ચૂંટણીમાં તેમની અંતિમ સભા છે. તેમણે કહ્યું કે, હું જ્યાં-જ્યાં ગયો ત્યાં મોટી સંખ્યામાં લોકો હાજર રહ્યા હતા.

તેમણે આત્મવિશ્વાસ સાથે કહ્યું કે, બંગાળના લોકોનો મેં જે મિજાજ જોયો છે, તેનાથી એ વિશ્વાસ લઈને પાછો જઈ રહ્યો છું કે ૪ મેના પરિણામો પછી ભાજપના શપથ ગ્રહણ સમારોહમાં મારે આવવાનું જ છે. રેલી દરમિયાન પીએમ મોદીએ પોતાના ભાષણમાં પશ્ચિમ બંગાળ સાથેના લાગણીસભર જોડાણનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે ૧૮૫૭ની વાત કરી અને બેરેકપુરની ઐતિહાસિક ધરતીને યાદ કરી હતી. તેમણે જણાવ્યું કે આ જ ભૂમિએ સ્વતંત્રતા માટેના પ્રથમ સંઘર્ષને તાકાત પૂરી પાડી હતી, જેના કારણે દેશભરમાં સ્વાભિમાન અને બળવો જાગ્યો હતો.

વડાપ્રધાન મોદીએ ભાષણની શરુઆતમાં આત્મવિશ્વાસ સાથે ભાજપના શપથગ્રહણ સમારોહમાં આવવાની વાત કરી હતી, તેમણે કહ્યું કે, આ ચૂંટણીની મારી અંતિમ સભા છે, બંગાળમાં હું જ્યાં પણ ગયો, બંગાળના લોકોનો મેં જે મિજાજ જોયો છે, તેની સાથે હું એ વિશ્વાસ સાથે પાછો જઈ રહ્યો છું કે, ૪ મેના પરિણામો બાદ, ભાજપના શપથગ્રહણ સમારોહમાં મારે આવવાનું જ છે. આ માટે જ મારો ઉત્સાહ વધી જાય છે, હું પાછલા ૩-૪ દાયકાથી દેશના ખુણેખુણામાં જતો રહ્યો છું, રાજકારણમાં આવ્યા પછી, ભાજપમાં આવ્યા પછી. હું ભાજપના કાર્યકર્તા તરીકે, પાર્ટી જે




કોઈ કામ સોંપે તે હું કરું છું. ચૂંટણીની જવાબદારી સંભાળવાનું પણ તેનો ભાગ છે. હું ન દિવસ જોઉં છું, ન રાત, મોસમ પણ નથી જોતો, બસ ચાલી નીકળું છું, સાથીઓ.. જ્યારથી ઘર છોડ્યું છે. મને તમારી વચ્ચે રહેવામાં સુખ મળે છે. સંતોષ મળે છે.તમે જ મારો પરિવાર છો.

ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે બે તબક્કામાં મતદાન યોજાઈ રહ્યું છે અને પરિણામો ૪ મેના જાહેર થવાના છે.

આ સાથે વડાપ્રધાન મોદીએ કહ્યું, એક તરફ તમને રોજગાર આપતી મિલો બંધ થઈ રહી છે અને બીજી તરફ ગુંડાઓને રોજગાર આપતી કાચા બોમ્બ બનાવતી ફેક્ટરીઓ ફુલીફલી રહી છે. ટીએમસીના સિન્ડિકેટની દુકાનોનો વિસ્તાર થઈ રહ્યો છે. આ ટીએમસીનું મહા-જંગલરાજ છે. ટીએમસી પાસે બંગાળના ભવિષ્ય માટે કોઈ રોડમેપ નથી. અહીં ટીએમસીના સિન્ડિકેટની ફેક્ટરીઓનો વિસ્તાર થઈ રહ્યો છે. ટીએમસીને હરાવવી જ પડશે. ભાજપ અહીં જનતા જનાર્દનનું રાજ લાવશે. પીએમ મોદીએ કહ્યું કે બંગાળની જનતા હંમેશા દેશભક્તિ અને બલિદાન માટે જાણીતી રહી છે અને આ ધરતીનો ઈતિહાસ પ્રેરણાદાયક રહ્યો છે. તેમણે ઉમેર્યું કે આજની પેઢીએ પણ તે જ જુસ્સા સાથે દેશના વિકાસમાં યોગદાન આપવું જોઈએ.

ભાષણ દરમિયાન હાજર જનમેદનીએ ભારત માતા કી જયના નારા લગાવીને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો.

વડાપ્રધાને પોતાના સંબોધનમાં રાજ્યની વર્તમાન પરિસ્થિતિ પર પણ નિશાન સાધ્યું અને કહ્યું કે બંગાળમાં પરિવર્તનની જરૂર છે. તેમણે આરોપ લગાવ્યો કે વર્તમાન શાસનમાં વિકાસની ગતિ ધીમી પડી છે અને લોકો યોગ્ય સુવિધાઓથી વંચિત છે. સાથે જ તેમણે મતદારોને મોટી સંખ્યામાં મતદાન કરવા માટે અપીલ કરી છે. આ રેલીમાં યુવાનો અને મહિલાઓની હાજરી નોંધપાત્ર રહી હતી.

પીએમ મોદીએ કહ્યું કે, આ ચૂંટણી બંગાળના ભવિષ્ય માટે અત્યંત મહત્વપૂર્ણ છે અને વિકાસ માટે મજબૂત સરકાર જરૂરી છે. બેરેકપુરની આ અંતિમ રેલી સાથે ભાજપે પોતાના પ્રચારને વધુ તેજ બનાવ્યો છે. રાજકીય વિશ્લેષકો માનતા છે કે આ સભા ચૂંટણીના અંતિમ તબક્કામાં મહત્વપૂર્ણ અસર કરી શકે છે.

### ભાજપની રાજ્યસભામાં સંખ્યા વધીને ૧૧૩ થઈ

# AAPને ઝટકો, ૭ બળવાખોર સાંસદોના વિલયને મંજૂરી

### રાજ્યસભા સચિવાલયે આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં સામેલ થયેલા બધા સાંસદોને લઈને નોટિફિકેશન જારી કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટી છોડનાર રાજ્યસભાના ૭ સાંસદોને ભાજપમાં વિલય કરવાને મંજૂરી મળી ગઈ છે. આ સાથે ભાજપની રાજ્યસભા સાંસદોની સંખ્યા ૧૧૩ થઈ ગઈ છે. ઈતિહાસમાં પ્રથમવાર ભાજપ આ આંકડા પર પહોંચ્યું છે. તો આમ આદમી પાર્ટી માટે આ મોટો ઝટકો છે અને તેના ઉપલા ગૃહમાં હવે માત્ર ત્રણ સાંસદો વધ્યા છે.

રાજ્યસભા સચિવાલયે આમ આદમી પાર્ટીમાંથી ભાજપમાં સામેલ થયેલા બધા સાંસદોને લઈને નોટિફિકેશન જારી કર્યું છે. તેમને ભાજપના સભ્યો ગણાવવામાં આવ્યા છે. હવે સંસદના ઉપલા ગૃહમાં ભાજપના સાંસદોની સંખ્યા ૧૧૩ થઈ ગઈ છે.

નોંધનીય છે કે રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં સાત સાંસદોએ બળવો કરી આમ આદમી પાર્ટીનો સાથ છોડી દીધો હતો. આમ આદમી પાર્ટીના સાંસદ સંજય સિંહે રવિવારે રાજ્યસભાના સભાપતિ સીપી રાધાકૃષ્ણનને પત્ર લખ્યો હતો, જેમાં તેમણે આપ છોડનાર સાત સાંસદોને અયોગ્ય જાહેર કરવાની માંગ કરી હતી. પત્રમાં લખવામાં આવ્યું હતું કે- આ સાંસદ આમ આદમી પાર્ટીની ટિકિટ પર ઉપલા ગૃહ માટે ચૂંટાયા છે, પરંતુ બાદમાં તેમણે પાર્ટી છોડી ભાજપમાં સામેલ થવાનો નિર્ણય કર્યો.

સંજય સિંહે કહ્યુ હતું કે આપના સાતેય સાંસદો તરફથી ઉઠાવવામાં આવેલું આ પગલું પક્ષપલટા સમાન છે. આ પંજાબની જનતા અને ભારતના બંધારણ સાથે વિશ્વાસઘાત છે. તેમણે કહ્યું કે જરૂર પડવા પર આમ આદમી પાર્ટી આ મામલામાં કાયદાકીય પગલાં ભરશે.

## રશિયા-યુક્રેનના એકબીજા પરના શ્રેણીબદ્ધ હુમલામાં ૧૬નાં મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)કીવ

રશિયા અને યુક્રેનના એકબીજા પરના શ્રેણીબદ્ધ હુમલામાં બે દિવસમાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા હતાં અને અનેક ઘાયલ થયા હતાં. આ મોત યુક્રેન, રશિયાના કબજા હેઠળના પ્રદેશો અને રશિયામાં થયા હતાં. ૨૬ એપ્રિલે ચેર્નોબિલ પરમાણુ દુર્ઘટનાની ૪૦મી વરસીએ થયેલા આ હુમલાને પગલે યુક્રેનના અધિકારીઓએ પરમાણુ આતંકવાદના વધતા જોખમો અંગે વોર્નિંગ આપી હતી. યુક્રેનનને ડિનિપ્રો શહેરમાં રશિયાના ડ્રોન અને મિસાઈલ હુમલામાં ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા હતાં. બીજી તરફ રશિયાના કબજા હેઠળના ક્રિમીઆમાં સેવાસ્તોપોલ શહેર પર યુક્રેનના ડ્રોન હુમલામાં એક વ્યક્તિનું મોત થયું હતું. રશિયાએ ૨૦૧૪માં ક્રિમિયા પર કબજો મેળવ્યો હતો. યુક્રેનના લુહાન્સ્ક પ્રદેશના રશિયાએ નીમેલા ગવર્નર લિયોનીદ પેસેચનિકે જણાવ્યું હતું કે પ્રદેશમાં રાત્રે યુક્રેનના ડ્રોન હુમલામાં ત્રણ લોકોના મોત થયા હતાં. રશિયાએ યુક્રેનના આ પ્રદેશ પર સંપૂર્ણ કબજો મેળવેલો છે અને પોતાના ગવર્નર પણ બેસાડી દીધા છે. જોકે આ બંને હુમલા અંગે યુક્રેનને કોઈ પ્રતિક્રિયા આપી ન હતી. અગાઉ રશિયાના બેલ્ગોરોડ સરહદી પ્રદેશમાં યુક્રેનિયન ડ્રોન હુમલામાં એક મહિલાનું મોત થયું હતું. યુક્રેનના જનરલ સ્ટાફે રવિવારે જણાવ્યું હતું કે યુક્રેનિયન દળોએ રશિયના યારોસ્લાવલમાં એક ઓઈલ રિફાઈનરીને પણ ટાર્ગેટ કરી હતી.આનાથી વાર્ષિક ૧.૫ કરોડ ક્રૂડ ઓઈલનું રિફાઈનિંગ કરતી આ રિફાઈનરીમાં આગ લાગી હતી. આ રિફાઈનરીમાં રશિયન સૈન્ય માટે પેટ્રોલ, ડીઝલ અને જેટ ઈંધણનું ઉત્પાદન કરતી હોવાનો યુક્રેને દાવો કર્યો હતો. જોકે રશિયાએ તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. ચેર્નોબિલ પરમાણુ દુર્ઘટનાની વરસીએ યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કીએ વોર્નિંગ આપી હતી કે રશિયન હુમલાઓથી ઈતિહાસનું પુનરાવર્તન થવાનું જોખમ છે.

### ખેડૂતોને વર્ષે મળશે ૯૦૦૦ રૂપિયા!

# PM મોદીએ કિસાન સન્માન નિધિ વધારવાની કરી જાહેરાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

પશ્ચિમ બંગાળમાં બીજા તબક્કાના મતદાન પહેલા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ એક મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે જો ભાજપ રાજ્યમાં સરકાર બનાવે છે, તો ખેડૂતોને આપવામાં આવતી પીએમ કિસાન સન્માન નિધિ વધારીને ૯,૦૦૦ રૂપિયા કરવામાં આવશે. હાલમાં, દેશભરમાં પીએમ કિસાન સન્માન નિધિ હેઠળ વાર્ષિક ૬,૦૦૦ રૂપિયાનું વિતરણ કરવામાં આવે છે. દર ચાર મહિને, ૨,૦૦૦ રૂપિયા ખેડૂતોના બેંક ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવે છે. બોનગાંવમાં એક રેલીને સંબોધતા, પીએમ મોદીએ મહિલાઓ માટે અનેક વચનો પણ આપ્યા. તેમણે કહ્યું કે, લખપતિ અભિયાન હેઠળ, અહીં બનવા જઈ રહેલી ભાજપ સરકાર બંગાળની ૭૫ લાખ મહિલાઓને લખપતિ દીદી બનવામાં મદદ કરશે અને વાર્ષિક ૧૦૦,૦૦૦ રૂપિયાથી વધુ કમાણી કરશે. બંગાળની દીકરીઓ તેમની પસંદગીની કારકિર્દી બનાવી શકશે, અને તેમને ૨૦ લાખ રૂપિયા સુધીની મુદ્રા લોન મળશે. બેંક ગેરંટી માંગે છે. બહેનોને આ ગેરંટી ક્યાંથી મળશે? તેથી, તમારા ભાઈએ નક્કી કર્યું છે કે તમારા ભાઈ મોદી મારી બહેનો માટે બેંક ગેરંટી આપશે.

પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, બંગાળ ભાજપે બહેનો માટે એક મોટી જાહેરાત કરી છે. દર વર્ષે, બહેનોને ૩૬,૦૦૦ રૂપિયા મળશે. જો સરકાર પાંચ વર્ષ સુધી સત્તામાં રહેશે, તો તેમને ૧૮૦,૦૦૦ રૂપિયા મળશે. તેવી જ રીતે, દીકરીઓના શિક્ષણ માટે ૫૦,૦૦૦ રૂપિયા આપવામાં આવશે. પીએમ આવાસ યોજના હેઠળ ગરીબ પરિવારોની બહેનોના નામે ઘર છે. કાયમી ઘર બનાવવા માટે ૧.૫ લાખ રૂપિયા આપવામાં આવશે. બંગાળ ભાજપ સરકાર પીએમ કિસાન સન્માન નિધિ પણ વધારીને ૯,૦૦૦ રૂપિયા કરશે.

તેમણે વધુમાં કહ્યું, "હું જાણું છું કે બહેનો તેમના વીજળી બિલ વિશે ખૂબ ચિંતિત છે. તમારા વીજળી બિલને શૂન્ય બનાવવા માટે, મોદી સરકાર દરેક પરિવારને સોલાર પ્લાન્ટ લગાવવા માટે ૮૦,૦૦૦ રૂપિયા આપશે. તમે મોદી પાસેથી બીજી ગેરંટી લખી લો, આયુષ્માન યોજનાના અમલીકરણ અંગેનો નિર્ણય ભાજપ સરકારની પહેલી કેબિનેટ બેઠકમાં લેવામાં આવશે. ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર આપવામાં આવશે."

### UP-રાજસ્થાન મોડલ અપનાવવા નિર્દેશ

# ગરમીનો પ્રચંડ કહેરઃ કેન્દ્ર સરકારની દેશવ્યાપી એડવાઈઝરી જાહેર

### હોસ્પિટલોમાં હીટ સ્ટ્રોક વોર્ડ પણ સક્રિય કરી દેવાયા છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઉત્તર ભારત સહિત દેશના મોટાભાગના રાજ્યોમાં અત્યારે સૂર્યદેવ આકરા પાણીએ છે. સરેરાશ તાપમાન ૪૦ થી ૪૨ ડિગ્રી સેલ્સિયસની વચ્ચે નોંધાઈ રહ્યું છે. વધતી ગરમીને કારણે બીમારીઓનો ખતરો વધતા કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે જનતા માટે ખાસ એડવાઈઝરી જાહેર કરી છે. આ સાથે જ હોસ્પિટલોમાં હીટ સ્ટ્રોક વોર્ડ પણ સક્રિય કરી દેવામાં આવ્યા છે.

હીટવેવમાં કઈ બીમારીઓનું જોખમ?

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જ્યારે તાપમાન સતત ઊંચું રહે છે ત્યારે શરીરમાં અનેક સમસ્યાઓ ઉદભવે છે.

હીટ સ્ટ્રોક (લૂ લાગવી): શરીરનું તાપમાન અનિયંત્રિત થઈ જવું.

ડિહાઈડ્રેશનઃ શરીરમાં પાણીની ભારે અછત સર્જાવી.

હીટ ક્રેમ્પ્સઃ માંસપેશીઓમાં અસહ્ય ખેંચાણ અને દુખાવો.

અન્ય બીમારીઓ: ફૂડ પોઈઝનિંગ, ટાઈફોઈડ, ચિકનપોક્સ અને પેટને લગતી સમસ્યાઓ પણ આ ઋતુમાં વકરે છે.

શું રાખવી સાવધાની?

રાષ્ટ્રીય રોગ નિયંત્રણ કેન્દ્ર (NCDC) એ લોકોને નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે:

શું કરવું?

પર્યાપ્ત માત્રામાં પાણી અને પ્રવાહી પદાર્થો (લીંબુ પાણી, છાશ, જ્યુસ) પીતા રહો.

હળવા રંગના અને ઢીલા સુતરાઉ કપડાં પહેરો.

બહાર નીકળતી વખતે માથું ઢાંકેલું રાખો અને ચશ્માનો ઉપયોગ કરો.

ઘરની બારીઓ અને પડદા બંધ રાખી ઘરને ઠંડું રાખો.

શું ન કરવું?

બપોરે ૧૨ થી ૪ વાગ્યાની વચ્ચે બિનજરૂરી બહાર નીકળવાનું ટાળો.

ખુલ્લા પગે તડકામાં ચાલશો નહીં.

દારૂ, ચા, કોફી અને વધુ પડતા ખાંડવાળા પીણાં પીવાનું ટાળો, કારણ કે તે શરીરને વધુ ડિહાઈડ્રેટ કરે છે.

બાળકો કે પાલતુ પ્રાણીઓને બંધ ગાડીમાં ક્યારેય એકલા ન છોડો.

સરકારે જણાવ્યું છે કે ગરમીની સૌથી વધુ અસર મજૂરો, બાળકો અને વૃદ્ધો પર થાય છે. જેથી શ્રમજીવીઓએ ફેક્ટરીઓ અને બાંધકામ સાઈટ પર પીવાના ઠંડા પાણી અને આરામ માટે છાંયડાની વ્યવસ્થા હોવી જોઈએ. જો મશીનો ગરમ હોય તો તેને ઢાંકીને રાખવા અને કામની ગતિ ધીમી રાખવા સૂચના અપાઈ છે. ઉપરાંત બાળકો માટે શાળાઓમાં બાળકોને સતત પાણી પીવા માટે પ્રોત્સાહિત કરવા અને પૂરતી વેન્ટિલેશન સુવિધા રાખવા જણાવાયું છે. સરકારે હીટવેવનો સામનો કરવા માટે રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના સફળ મોડેલને દેશભરમાં લાગુ કરવા પર ભાર મૂક્યો છે. બીજી તરફ, દિલ્હીની સર ગંગારામ હોસ્પિટલના ડોક્ટરોએ હીટ ડોમ વિશે ચેતવણી આપી છે. ગીચ ઈમારતો ધરાવતા વિસ્તારોમાં ગરમી કેદ થઈ જાય છે, જેના કારણે તાપમાન અચાનક વધી જાય છે અને લોકો બીમાર પડે છે. દિલ્હીની રામ મનોહર લોહિયા (RML) હોસ્પિટલમાં હીટ સ્ટ્રોક માટે ખાસ વોર્ડ શરૂ કરાયો છે.

અહીં દર્દીઓને ઠંડક આપવા માટે પાણીના મોટા ટબ અને સ્પેશિયલ બેડની વ્યવસ્થા છે. અત્યાર સુધી ગંભીર કેસો આવ્યા નથી, પરંતુ આગામી દિવસોમાં પારો વધવાની શક્યતા હોવાથી તંત્ર હાઈ એલર્ટ પર છે.

## કોલંબિયામાં યાત્રી બસમાં ભીષણ વિસ્ફોટઃ ૧૩નાં મોત, ૩૮ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બોગોટા

દક્ષિણ-પશ્ચિમ કોલંબિયાના કાઉકા પ્રાંતમાં એક યાત્રી બસમાં ભીષણ વિસ્ફોટ થતાં ૧૩ લોકોના મોત નીપજ્યા છે અને ૩૮થી વધુ લોકો ઘાયલ થયા છે. આ હુમલાને સેનાના વડાએ પ્રમુખે ‘આતંકવાદી કૃત્ય’ ગણાવ્યું છે. આ વિસ્ફોટ ત્યારે થયો જ્યારે બસ કાજીબિયો મ્યુનિસિપાલિટીમાં પાન-અમેરિકન હાઈવે પરથી પસાર થઈ રહી હતી. ઘાયલોમાં પાંચ બાળકોનો પણ સમાવેશ થાય છે.કોલંબિયાના સશસ્ત્ર દળોના કમાન્ડર જનરલ હ્યુગો લોપેઝે આ હુમલા માટે મોસ્ટ વોન્ટેડ આતંકી ‘ઈવાન મોર્ડિસ્કો’ અને ‘જેમ માર્ટિનેઝ’ જૂથને જવાબદાર ઠેરવ્યા છે. આ બંને જૂથો ૨૦૧૬ના શાંતિ કરારને માનતા નથી અને આ વિસ્તારમાં ડ્રગ ટ્રાફિકિંગ સાથે જોડાયેલા છે. રાષ્ટ્રપતિ ગુસ્તાવો પેટ્રોએ આ ઘટનાની કડક શબ્દોમાં ટીકા કરતા હુમલાખોરોને ‘આતંકવાદી અને ડ્રગ ટ્રાફિકર્સ’ ગણાવ્યા છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા બે દિવસમાં આ વિસ્તારમાં ૨૬ જેટલી હિંસક ઘટનાઓ બની છે, જેમાં ડ્રોન હુમલા અને પોલીસ સ્ટેશન પર ગોળીબારનો સમાવેશ થાય છે. આ પ્રદેશ ડ્રગ્સની હેરાફેરી માટે કુખ્યાત હોવાથી વિવિધ સશસ્ત્ર જૂથો વચ્ચે વર્ચસ્વની લડાઈ ચાલી રહી છે.




# તંત્રી લેખ......

## ટ્રમ્પ પર વધુ એક હુમલો

યુએસ રાષ્ટ્રપતિ દ્વારા હાજરી આપેલા એક ખાસ કાર્યક્રમમાં ગોળીબાર માત્ર ટ્રમ્પની સુરક્ષા વ્યવસ્થામાં ખામીઓને જ ઉજાગર કરે છે, પરંતુ અમેરિકામાં પ્રવર્તતી ખતરનાક બંદૂક સંસ્કૃતિ તરફ પણ ધ્યાન ખેંચે છે. તે આનંદદાયક છે કે ગોળીબારમાં કોઈને ગંભીર ઈજા થઈ નથી, અને એક સુરક્ષા ગાર્ડ હુમલાખોરની ગોળીઓમાંથી બચી ગયો કારણ કે તેણે બુલેટપ્રૂફ વેસ્ટ પહેર્યો હતો. જો કે, આ ઘટના વધુ ધ્યાન ખેંચે છે કારણ કે તે વોશિંગ્ટન, ડી.સી.માં તે જ હિલ્ટન હોટેલમાં બની હતી, જ્યાં રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગનને ગોળી વાગી હતી અને ઘાયલ થયા હતા.

રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, તેમના વરિષ્ઠ સહાયકો અને વ્હાઈટ હાઉસના પત્રકારો દ્વારા હાજરી આપતા કાર્યક્રમમાં કોઈ વ્યક્તિ ગોળીબાર કરી શકે તે અસામાન્ય નથી. વ્હાઈટ હાઉસના પત્રકારો સાથે વાર્ષિક યુએસ રાષ્ટ્રપતિ રાત્રિભોજન અમેરિકન એરપોર્ટ પર જેટલા જ કડક સુરક્ષા પગલાંને આધીન છે. વધુમાં, આ ઘટના સૌથી સુરક્ષિત ઘટનાઓમાંની એક તરીકે ઓળખાય છે, છતાં ત્યાં પણ, સુરક્ષા ભંગ થયો હતો. રાષ્ટ્રપતિ ટ્રમ્પ તેમના સુરક્ષા કર્મચારીઓની સતર્કતાની યોગ્ય રીતે પ્રશંસા કરી રહ્યા છે, સુરક્ષા અધિકારીઓએ તપાસ કરવી જોઈએ કે હુમલાખોર તેમના સુરક્ષા ઘેરાબંધીનો ભંગ કેવી રીતે કરવામાં સફળ રહ્યો.

જોકે હુમલાખોરની ઓળખ થઈ ગઈ છે અને ધરપકડ કરવામાં આવી છે, પરંતુ હાલમાં તે સ્પષ્ટ નથી કે તેનો હેતુ શું હતો. તે આશ્ચર્યજનક નથી કે તે અમેરિકામાં રાજકીય કડવાશના ઝેરી વાતાવરણથી પ્રભાવિત વ્યક્તિ હતો અને ટ્રમ્પને તેમની નીતિઓ માટે નિશાન બનાવવા માંગતો હતો. એ નોંધવું જોઈએ કે છેલ્લા બે વર્ષમાં ઓછામાં ઓછા બે વાર ટ્રમ્પની હત્યા કરવાના આવા પ્રયાસો થઈ ચૂક્યા છે. એક ઘટનામાં, હુમલાખોરની ગોળી તેના કાનમાં વાગી ગઈ. વોશિંગ્ટનની હિલ્ટન હોટેલમાં બનેલી ઘટના અમેરિકામાં લોકો કેટલી સરળતાથી બંદૂકો ખરીદી અને રાખી શકે છે તેના પર પુનર્વિચાર કરવાની જરૂરિયાતને પણ પ્રકાશિત કરે છે.

વિડંબના એ છે કે, અમેરિકામાં બંદૂક સંસ્કૃતિ હિંસાને વેગ આપી રહી છે, છતાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ આ સંસ્કૃતિને કાબુમાં લેવાના પક્ષમાં નથી. તેનાથી વિપરીત, તેઓ શસ્ત્રો રાખવાની સ્વતંત્રતાના પ્રબળ સમર્થક છે. રાષ્ટ્રપતિ બન્યા પછી, ટ્રમ્પે ફક્ત ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બિડેને બંદૂક સંસ્કૃતિ સામે લાગુ કરેલા અને શરૂ કરેલા નવા નિયમોને જ નાબૂદ કર્યા.

### સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે

# વરાછામાં ધોળા દિવસે બંદૂકની અણીએ SBI બેંકમાં ૫૦ લાખની લૂંટ



(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

દક્ષિણ ગુજરાતના આર્થિક પાટનગર ગણાતા સુરત શહેરમાં આજે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઉભા કરતી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શહેરના અત્યંત ધમધમતા વરાછા વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની શાખામાં ધોળા દિવસે ચાર હથિયારધારી શખ્સોએ અંદાજે રૂ. ૫૦ લાખની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

મળતી વિગતો અનુસાર, આ ઘટના બપોરના સમયે બની હતી જ્યારે બેંકમાં ગ્રાહકોની અવરજવર નહિવત હતી. બેંકમાં માત્ર કર્મચારીઓ જ હાજર હતા, જેનો ફાયદો ઉઠાવીને ચાર અજાણ્યા શખ્સો બેંકમાં ધસી આવ્યા હતા. લૂંટારુઓએ ફિલ્મી ઢબે બંદૂક બતાવી કર્મચારીઓને ડરાવ્યા હતા અને માત્ર ગણતરીની મિનિટોમાં જ આશરે ૫૦ લાખ રૂપિયાની રોકડ લૂંટીને નાસી છૂટ્યા હતા. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

ઘટનાની જાણ થતા જ સુરત પોલીસના ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. સમગ્ર શહેર અને બહાર નીકળવાના રસ્તાઓ પર નાકાબંધી કરી દેવામાં આવી છે. પોલીસે લૂંટારુઓને પકડવા માટે અલગ-અલગ ૭ ટીમો બનાવી છે. જેમાં ક્રાઈમ બ્રાન્ચ અને લોકલ પોલીસનો સમાવેશ થાય છે.

પોલીસે બેંકના અને આસપાસના વિસ્તારના સીસીટીવી (CCTV) ફૂટેજ કબજે કર્યા છે. ફૂટેજમાં લૂંટારુઓની હિલચાલ કેદ થઈ છે, જેના આધારે તેમની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ધોળા દિવસે થયેલી આ લૂંટની ઘટનાએ બેંકિંગ ક્ષેત્ર અને સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ પેદા કર્યો છે. પોલીસનો દાવો છે કે ટૂંક સમયમાં જ આરોપીઓને ઝડપી લેવામાં આવશે.

## રેલવે કર્મચારીઓની સતર્કતાથી મુસાફરને મળ્યો ગુમ થયેલો લેપટોપ બેગ




ટ્રેન નં. ૫૯૨૭૨ ભાવનગર–સુરેન્દ્રનગર પેસેન્જરથી મુસાફરી કરતા મુસાફર શ્રી ગોવિંદા સઠિયાનું લેપટોપ ધરાવતું બેગ પ્લેટફોર્મ નં. ૧ પર રહી ગયું હતું.

આ બાબતે વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે યાત્રી ઉતાવળમાં ટ્રેનમાં ચડી ગયા હતા અને પોતાનું બેગ સ્ટેશન પર જ ભૂલી ગયા હતા. થોડા સમય બાદ બેગ અંગે યાદ આવતા તેમણે રેલવે કર્મચારીઓનો સંપર્ક કરી સ્ટેશન કચેરીમાં માહિતી આપી.

માહિતી મળતાની સાથે જ સ્ટેશન અધિક્ષક શ્રી જે.પી. ચૌહાણે તાત્કાલિક પગલાં લેતાં પોઈન્ટ્સમેન શ્રી મેહુલભાઈને સ્થળ પર મોકલ્યા. પોઈન્ટ્સમેન દ્વારા તરત કાર્યવાહી કરીને બેગને સુરક્ષિત રીતે મેળવવામાં આવ્યો અને યોગ્ય ચકાસણી બાદ મુસાફરને તેમનો લેપટોપ બેગ સલામત પરત આપવામાં આવ્યો.

આ પ્રશંસનીય કાર્ય માટે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ સ્ટેશન અધિક્ષક અને પોઈન્ટ્સમેનની પ્રશંસા કરીને તેમને પ્રોત્સાહિત કર્યા. ભાવનગર મંડળ મુસાફરોની સુવિધા અને સુરક્ષા પ્રત્યે હંમેશા પ્રતિબદ્ધ છે અને આવી ઘટનાઓ રેલવે કર્મચારીઓની સતર્કતા અને સેવાભાવને દર્શાવે છે.

# સુરતમાં પતિએ પત્નીની હત્યા કરીને મૃતદેહ લાકડાંની પેટીમાં મુકી દીધો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતમાં પતિએ પત્નીની ક્રુરતાપૂર્વક હત્યા કરી હતી. એટલું જ નહિ, પતિએ પત્નીની હત્યા કરી લાશ લાકડાની પેટીમાં સિમેન્ટ ભરી પેક કરી દીધી. આ બાદ છત્તીસગઢ રહેતા સસરાને જમાઈએ વોટ્સએપ પર ચિઠ્ઠી મોકલી હત્યાની કબૂલાત કરી હતી. માત્ર પોતે જ પત્નીની હત્યા માટે જવાબદાર હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર, છત્તીસગઢ-બસ્તરનો જગદલપુરના અયપ્પા મંદિર નજીક બલીરામ કશ્યપ વોર્ડમાં રહેતા અને વૃધ્ધ દરજી પ્રદીપ ફકીરાભાઈ કોસ્ટાએ ગત ૨૧ એપ્રિલે ગોડાદરાના રાજ હેરીટેજ એપાર્ટમેન્ટમાં રહેતી પુત્રી શિલ્પાનો ફોન બંધ હોવાથી જમાઈ વિશાલ રણછોડ સાલવીને ફોન કર્યો હતો. વિશાલે ૨૦ એપ્રિલે શિલ્પાને સહારા દરવાજા ખાતે ઉતાર્યા બાદ પરત ઘરે આવી નથી તેવો જવાબ સસરાને આપ્યો હતો. આ બાદ ૨૪ એપ્રિલના રોજ પ્રદીપભાઈ પરિજનો સાથે સુરત આવ્યા હતા અને દીકરીના ગુમ થયાની ગોડાદરા પોલીસમાં ફરિયાદ કરી હતી.

જો કે બીજા દિવસે સુરતમાં જ રહેતા પ્રદીપભાઈના સાળાના દીકરા પ્રીતેશ સાલવીના વોટ્સએપ ઉપર શિલ્પાના મોટા પુત્ર આરવે એક ચિઠ્ઠી મોકલાવી હતી. જેમાં લખ્યું હતું કે, લગ્ન બાદ મારુ લગ્ન જીવન સારું. લગ્નના ત્રણેક વર્ષ પછી મારી પત્નીમાં બદલાવ આવવા લાગ્યો અને અમારી વચ્ચે અણબનાવ થતા હતા. આટલા વર્ષો સુધી સહન કર્યું. પરંતુ રોજબરોજના ઝઘડાથી કંટાળીને ગુનો કરવા મજબૂર થઇ ગયો છું. મેં ૨૦ એપ્રિલે ગુનો કર્યો છે, તેના માટે માત્ર હું પોતે જવાબદાર છું, બીજા કોઈને જાણ પણ નથી. તેના સબૂત મારા સૌથી જૂના રહેઠાણ સહારા દરવાજા કાગજીની ચાલ પાછળ લાકડાવાળા બિલ્ડીંગની ગલીમાં મારૂ પતરાવાળું મકાન છે એમા પહેલા માળે તાળું મારેલું છે. એમાં મારી પત્ની શિલ્પા છે. લિ. લિ. વિશાલ.

જેથી તુરંત જ પરિજનો ગોડાદરા પોલીસને જાણ કરવાની સાથે ચિઠ્ઠીમાં જણાવેલા સરનામે પહોંચ્યો હતો. જ્યાં લાકડાની પેટીમાં સિમેન્ટ નાંખેલ હાલતમાં શિલ્પાની લાશ મળી આવી હતી. શિલ્પા અને વિશાલના લગ્ન નવેમ્બર ૨૦૧૦ માં થયા હતા અને ૧૬ વર્ષના લગ્ન જીવન દરમિયાન પુત્ર આરવ અને પુત્રી નિતારા છે. વિશાલે રોજબરોજના ઝઘડાથી કંટાળી ગુનો કર્યો એટલે કે શિલ્પાની હત્યા કરી છે.

આ વિશે ડીસીપી કાનન દેસાઈએ જણાવ્યું કે, શિલ્પાની લાશ લાકડાની પેટીમાં સિમેન્ટ નાંખેલી હાલતમાં મળી તો આવી છે પરંતુ હત્યા કઈ રીતે કરી તે અંગે હજી કોઈ સ્પષ્ટતા થઈ નથી અને ફોરેન્સિક પોસ્ટમોર્ટમનો રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે.

ઉલ્લેખનીય છે એટલે કે લગ્ન બાદ પતિ બેરોજગાર હતો અને પત્ની પોતે કમાઈ રહી હતી આ દરમિયાન પતિ શિલ્પાના અનૈતિક સંબંધો હોવાની શંકા કરતો હતો.

પતિ વિશાલ. પોલીસે અલગ અલગ ટીમો બનાવીને આરોપી વિશાલની શોધખોળ હાથ ધરી હતી આ દરમિયાન પોલીસે વિશાલેને ગ્રામ્ય વિસ્તારમાંથી ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે.

## લઘુતમ પગાર રૂ.૧૮,૦૦૦થી વધીને રૂ.૬૯,૦૦૦ થવાની શક્યતા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના ૪૫ લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને ૬૦ લાખ પેન્શનરો માટે આઠમા પગાર પંચને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આઠમા પગાર પંચે હવે ગ્રાઉન્ડ લેવલ પર કામગીરી શરૂ કરી દીધી છે, જેમાં પંચની ટીમ અલગ-અલગ રાજ્યોની મુલાકાત લઈ કર્મચારી યુનિયનો સાથે બેઠકો કરી રહી છે. હાલમાં જ ઉત્તરાખંડના સંગઠનો સાથે બેઠક પૂર્ણ કર્યા બાદ, હવે ૨૮થી ૩૦ એપ્રિલ દરમિયાન દિલ્હીમાં એક મોટી બેઠક યોજાવાની છે. ત્યારબાદ મે મહિનામાં મહારાષ્ટ્રના વિવિધ સંગઠનો પાસેથી પ્રતિભાવો લેવામાં આવશે. કર્મચારી સંગઠનોના સંયુક્ત મંચ(NC-JCM) દ્વારા સરકાર સમક્ષ ફિટમેન્ટ ફેક્ટર વધારીને ૩.૮૩૩ કરવાની જોરદાર માંગ કરવામાં આવી છે. જો સરકાર આ માંગ સ્વીકારી લે, તો કર્મચારીઓના પગારમાં મોટો ઉછાળો જોવા મળી શકે છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, અત્યારે જે લઘુતમ બેઝિક પે રૂ.૧૮,૦૦૦ છે, તેને વધારીને રૂ.૬૯,૦૦૦ કરવા માટેનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, મોંઘવારી ભથ્થાની ગણતરી માટે છેલ્લા ૧૨ મહિનાની સરેરાશને આધાર બનાવવાનું પણ સૂચન કરવામાં આવ્યું છે.

નવા પગાર પંચમાં અન્ય એક મોટો ફેરફાર પરિવારના સભ્યોની સંખ્યાને લઈને હોઈ શકે છે. અત્યાર સુધી ૩ યુનિટના પરિવારને ધ્યાનમાં રાખીને ભથ્થા નક્કી થતા હતા, પરંતુ હવે ૫ યુનિટના પરિવારને આધાર બનાવવાની માંગ ઉઠી છે. પંચ માત્ર બેઝિક સેલેરી જ નહીં, પણ ટ્રાન્સપોર્ટ એલાઉન્સ(TA), હાઉસ રેન્ટ એલાઉન્સ(HRA) અને અન્ય સેવા શરતોની પણ સમીક્ષા કરી રહ્યું છે. સરકાર દ્વારા જાન્યુઆરી ૨૦૨૫માં રચાયેલા આ પંચે ૧૮ મહિનામાં પોતાનો રિપોર્ટ સોંપવાનો છે, ત્યારબાદ જ નવા પગાર ધોરણો લાગુ કરવા અંગે અંતિમ નિર્ણય લેવાશે.

### આરોપી ઓનલાઈન ગેમ અને જુગારના રવાડે ચડ્યો હતો

# ‘ચોરી કા અફસોસ નહીં પર ‘દીદી’ કો નહીં મારના ચાહિયે થા!’

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

દિલ્હીમાં IRS અધિકારીની પુત્રીના રેપ અને મર્ડરના જઘન્ય કાંડમાં આરોપી રાહુલ મીણાની ઝીણવટભરી પૂછપરછ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે અને એમાં રાહુલ એવી કેફિયત દર્શાવી હતી કે,‘ચોરી કરને કા અફસોસ નહીં પર દીદી કો મારના નહીં ચાહિએ થા, ખૂન હો ગયા.’ પોલીસે IRS અધિકારીના ઘરે પહોંચીને ૪૫ મિનિટમાં બનેલી ઘટનાનું બે કલાક સુધી રિક્રિએશન કર્યું હતું. પોલીસના સૂત્રોથી મળતી માહિતી મુજબ આ ઘટનાની એક એક મિનિટનું આબેહૂબ રિક્રિએશન કરવામાં આવ્યું હતું. જેથી ઘરની અંદર આરોપીએ સમગ્ર ગુનાને કઈ રીતે અંજામ આપ્યો હતો, એ જાણી શકાય. આરોપી રાહુલે નાની ઉંમરે અત્યંત મોટો ગુનો કર્યો છે અને તેમ છતાંય એને સહેજેય પસ્તાવો કે દુખ નથી એ વાત પોલીસે જણાવતા કહ્યું હતું કે,‘સામાન્ય રીતે આટલી બર્બરતાથી ગુનાને અંજામ આપનાર આરોપીમાં બેચેની, ક્રોધ, પસ્તાવો કે વ્યગ્રતા જેવા ભાવ જોવા મળે છે. પરંતુ રાહુલ સાવ નોર્મલ અને કેઝ્યુઅલી વર્તન કરી રહ્યો છે.

બીજી તરફ આ મામલે દિલ્હીની 22 વર્ષીય UPSCની પરીક્ષાની તૈયારી કરતી IRS અધિકારીની પુત્રીની હત્યા અને રેપની ઘટનાના ઊંડા પ્રત્યાઘાતો સામે આવી રહ્યા છે. તેથી પોલીસ પણ ગુનેગાર માટે કોઈ છટકબારી રાખવા માંગતી નથી અને સઘન અને ઊંડી તપાસ ચાલી રહી છે. જેના ભાગરૂપે શનિવારે IRS અધિકારીના દિલ્હી ખાતેના ઘરમાં જ્યાં સમગ્ર ગુનાને અંજામ આપવામાં આવ્યો હતો, ત્યાં ઘટનાનું બે કલાક સુધી રિક્રિએશન કરવામાં આવ્યું હતું. પોલીસના જણાવ્યા પ્રમાણે એક એક મિનિટનું રિક્રિએશન આબેહૂબ કરવામાં આવ્યું હતું. જેથી કરીને સમગ્ર ઘટનાની તમામ કડીઓ જોડી શકાય અને ક્રાઈમ સીનનું મેપિંગ કરી શકાય. એટલું જ નહીં રાહુલ અલવરમાં રાત્રે રેપ કરીને ભાગ્યો ત્યાંથી લઈને દિલ્હીમાં ગુનો આચર્યો ત્યાં સુધીની મિનિટે મિનિટની માહિતી પણ પોલીસ એકત્ર કરી રહી છે. દિલ્હીની પીડિતાનું આઈફોન પણ ચોરાયું હતું, જે એક પાર્કમાંથી મળી આવ્યું છે. જ્યારે કે આરોપીનું પોટેન્સી ટેસ્ટ પણ કરવામાં આવ્યું છે, જેથી રેપનો ગુનો પણ કોર્ટ સમક્ષ સાબિત કરી શકાય.

માત્ર ૧૯ વર્ષની ઉંમરનો રાહુલ ધો-૧૨માં ૯૦ ટકા માર્ક્સ લાવ્યો હતો અને તેનું જીવન ઉજ્જવળ થશે એવું બધા માનતા હતા. પરંતુ ઓનલાઈન ગેમ અને જુગારના રવાડે ચઢતા એનું જીવન ઉધારીના રૂપિયા અને વ્યાજમાં ફસાયું હતું.

શોર્ટ કટમાં કરોડપતિ બનવાના સપનાંએ તેને ગુનાના રસ્તે પહોંચાડ્યો હતો. જેમાં તેની જોડેથી ૯૦ હજાર રૂપિયા માગતા મિત્રની પત્નીનું રાજગઢમાં રાત્રે રેપ કર્યા બાદ રાહુલ દિલ્હીમાં જ્યાં કામ કરતો હતો એ IRS અધિકારીના ઘરે ચોરીના ઈરાદે વહેલી સવારે પહોંચ્યો હતો.

### બે કાર વચ્ચે ભયંકર ટક્કર, મહિલા સહિત બેને ઈજા

# અમદાવાદના કલગી ચાર રસ્તે નબીરાઓનો આતંક

### પોલીસે હાલમાં ફરાર યુવકોની શોધખોળ અને અકસ્માત અંગેનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના કલગી ચાર રસ્તા પાસે ગત મોડી રાતે બેફામ ગતિએ આવતી એક કારચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. નશાની હાલતમાં હોવાનું મનાતા યુવકોએ એક ઈકોને જોરદાર ટક્કર મારતા ગાડી રોડ પર પલટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ઈકોમાં સવાર એક મહિલા અને પુરુષને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યાનુસાર, અકસ્માત એટલો ભીષણ હતો કે પૂરપાટ ઝડપે આવતી કારની ટક્કર વાગતા જ ઈકો ફંગોળાઈને આખી પલટી મારી ગઈ હતી. ઈકોમાં સવાર મુસાફરો લોહીલુહાણ હાલતમાં અંદર ફસાયા હતા. અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને બહાર કાઢી એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલ મોકલી આપ્યા હતા.સ્થાનિક લોકોમાં ચર્ચા છે કે અકસ્માત સર્જનાર કારમાં ચાર નવયુવાનો સવાર હતા અને તેઓ નશાની હાલતમાં હતા. નશાના કેફમાં બેફામ ગતિએ ગાડી ચલાવીને નિર્દોષ નાગરિકોના જીવ જોખમમાં મૂકનારા આ નબીરાઓ સામે લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. અકસ્માત સર્જાયા બાદ યુવકોએ ત્યાંથી છટકવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો પણ સ્થળ પર પહોંચ્યો હતો અને ટ્રાફિક ક્લિયર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદના માર્ગો પર સતત વધી રહેલા નશાખોર નબીરાઓના આતંકને ડામવા માટે પોલીસ કડકમાં કડક પગલાં લે તેવી માંગ સ્થાનિકો કરી રહ્યા છે. પોલીસે હાલમાં ફરાર યુવકોની શોધખોળ અને અકસ્માત અંગેનો ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે.

### ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

માર્કેટયાર્ડ ખેડ-તસીયા રોડ હિંમતનગર ફોન :

ભાવ ૨૦ કીલો મુજબ - તારીખ મુજબ આવક માલ ભાવ - સોમવાર, ૨૭/૦૪/૨૦૨૬

| અં.નં. | આઇટમ વિગત | આવક | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | ૬૪૭ | ૪૫૬.૦૦ | ૫૫૧.૦૦ |
| ૨ | એરંડા | ૫૦૦ | ૧,૨૫૮.૦૦ | ૧,૨૭૯.૦૦ |
| 3 | મકાઇ | ૩૯૨ | ૩૫૦.૦૦ | ૪૩૫.૦૦ |
| ૪ | ચણા | ૨૧ | ૧,૦૧૫.૦૦ | ૧,૦૭૧.૦૦ |
| ૫ | ચણા (કાબુલી ) | ૨ | ૧,૩૦૦.૦૦ | ૧,૩૭૧.૦૦ |
| ૬ | તમાકુ | ૬૮૪ | ૧,૩૮૦.૦૦ | ૨,૩૦૦.૦૦ |
| ૭ | તમાકુ (ગારીયુ) | ૬૨૫ | ૯૫૦.૦૦ | ૧,૩૧૦.૦૦ |
| ૮ | મગફળી | ૦ | ૧,૦૦૦.૦૦ | ૧,૪૫૦.૦૦ |
| ૯ | બાજરી | ૦ | ૪૦૦.૦૦ | ૪૯૦.૦૦ |

મુનિમજી સોફ્ટવેર

# ફતેપુરા આરોગ્ય કેન્દ્રમાં નર્સની એકલતાનો લાભ લઈ નેતાજીની જબરદસ્તી : હવે સમાધાનનુ વલણ




પ્રતિનિધિ,ગાંધીનગર

ફતેપુરા તાલુકામાં આવેલા એક ગામડામાં ચુંટણીના ઉત્સાહભર્યા માહોલ વચ્ચે એકલતાનો લાભ લઈ નેતાજીએ શારીરિક સંતોષની ચોકાવનારી હરકતનુ કર્યાનુ ચકચાર મચી છે. નાનકડા ગામમાં આવેલ આરોગ્ય કેન્દ્રમાં મહિલા નર્સ બેન અને એકાદ અન્ય મહિલા સિવાય કોઈ ન હતુ ત્યારે કથિત દુષ્કર્મ થયાની વાત છે. જેમાં પંચાયતના એક નેતા અને કરોડપતિ એવા ઈસમે કથિત ઘટનાને અંજામ આપી હવે સમાધાન કરવા, કરાવવા અને મામલો થાળે પાડવા દોડધામ કરી છે.

આ બાબતે જાગૃત નાગરીકો, આગેવાનો, ભુતપૂર્વ સરપંચ સહિતનાઓ કોઈપણ સંજોગોમાં કાર્યવાહી થાય તે માટે મથામણ કરી રહ્યા છે. આ તરફ કથિત પીડીત નર્સ બેનની બિન આક્રમક માનસિકતા અને રાજકીય પાવર ના ઓથા હેઠળ નેતાજી દુષ્કર્મી છતાંય બેફીકર છે.

દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના એક રાજકીય પાવર ધરાવતા ગામમાં આરોગ્ય કેન્દ્ર આવેલુ છે. અહી મહિલા નર્સની સુંદરતા જોઈ કેટલાય દિવસોથી સ્થાનિક નેતા અને કરોડપતિ એવા ઈસમની બુરી નજર હતી. જો કે તેની કોઈ જાણકારી આ ભોળા મહિલા નર્સને ન હતી. પરંતુ ૨૬ એપ્રિલની ચુંટણીના એકાદ બે દિવસ પહેલા ખરા ઉનાળાની બપોરે બિલ્લીપગે આ નેતા આરોગ્ય કેન્દ્રમાં પહોચી ગયા હતા. જયાં મહિલા નર્સબેનની એકલતાનો લાભ લઈ કથિત જબરદસ્તી કરી કથિત દુષ્કર્મ, છેડતી, શારીરિક અડપલા કર્યા હતા. અચાનક બનેલી આ ઘટનાથી ડઘાઈ ગયેલા મહિલા નર્સે તુરંત પરીવારને જાણ કરી હતી.

ઘટનાને પગલે મહિલા નર્સ અને તેમના પરીવારે લાગતા વળગતાને જાણ કરી તો તેની ખબર ગામના નેતાને પડી એટલે મામલો દબાવવા પ્રયત્નો શરૂ કર્યા છે. આ નેતા પંચાયતના ચુંટાયેલા હોવા છતાં, પંચાયતનો હોદ્દો ધરાવતા હોવા છતાં કેમ મહિલાની આબરૂ ઉપર ગયા તેની ગામમાં ચકચાર છે. આથી કાર્યવાહી થાય અને ના થાય તેવી બે તાકાતો કામે લાગી છે. ત્યારે કથિત પીડીત મહિલા તાત્કાલીક ધોરણસરના પગલા લે તેવી નેતાના હરીફોમાં દોડધામ છે. આ અંગે ફતેપુરા તાલુકાના આગેવાન રામુભાઈ, થાનુભાઈ, બારીયાભાઈ સહિતનાઓએ ઘટના ખોટી બની હોઈ કાર્યવાહીની માંગ કરી રહ્યા છે. જો કે આ કરોડપતિ નેતા પૈસા અને પાવરના જોરે કુદતા હોઈ મહિલા કઈ નહી કરે તેવી શેખીમાં રાચી રહ્યા છે. આથી આગામી દિવસોમાં મોટો ઘટસ્ફોટ થાય તેવી શકયતા છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# પુરષોત્તમ સોલંકીના ધારાસભ્ય પર આકરા પ્રહાર : પૈસા કમાયા એ કયાં પડયા છે ? ભરી સભામાં ધારાસભ્ય શીવભાઈ ગોહિલને કહી દીધા નુગરા

પ્રતિનિધિ,ગાંધીનગર

કોળી સમાજના કદાવર નેતા અને ભાજપના મંત્રી પુરષોત્તમ સોલંકી ફરી એકવાર પોતાના બિંદાસ અંદાજને કારણે ચર્ચામાં આવ્યા છે. મહુવા તાલુકાના માળીયા ગામે આયોજીત કોળી સમાજના સમુહલગ્ન પ્રસંગે ઉપસ્થિત રહેલા મંત્રી સોલંકીએ પોતાના જ પક્ષના ધારાસભ્ય શીવભાઈ ગોહિલની ગેરહાજરી મુદ્દે જાહેરમાં કલાસ લીધો હતો. સોલંકીએ મંચ પરથી આપેલી મીઠી ધમકીનો વિડીયો હવે સોશીયલ મીડીયામાં વાયરલ થઈ રહ્યો છે.



સમુહલગ્ન જેવા સમાજના મોટા કાર્યક્રમમાં સ્થાનિક ધારાસભ્ય શીવભાઈ ગોહીલ ગેરહાજર રહેતા મંત્રી પુરષોત્તમ સોલંકીનો પિત્તો ગયો હતો. તેમણે જાહેરમાં ધારાસભ્યને નુગરો કહીને સંબોધ્યા હતા. એટલુ જ નહી આકરા શબ્દોમાં સવાલ કરતા કહ્યુ હતુ કે પૈસા કમાયો એ કયાં પડયા છે ? સમાજના કામોમાં ધારાસભ્યની ઉદાસીનતા સામે તેમણે ખુલ્લેઆમ આક્રોશ વ્યકત કર્યો હતો. સોલંકીએ ભુતકાળની યાદ અપાવતા ધારાસભ્યને ટકોર કરી હતી કે ચુંટણી સમયે મારા બંગલે આવીને માવો ઠુસીને બેસી રહેતા હતા અને મારી રાહ જોતા હતા, હવે સમાજને ભુલી ગયા ? તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યુ હતુ કે જે નેતા સમાજના કામ ન કરે તેને સમાજે ઓળખી લેવો જોઈએ. પોતાના વકતવ્યના અંતે તેમણે સમાજના લોકોને સંબોધતા એક મોટો ઈશારો પણ કર્યો હતો. તેમણે કહ્યુ હતુ કે આગામી ચુંટણીમાં સમાજે ધ્યાન રાખવાની જરૂર છે.

# આજે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામ એ વિધાનસભા ૨૦૨૭ની ચુંટણીનુ ભવિષ્ય ખોલશે

પ્રતિનિધિ,ગાંધીનગર

એસઆઈઆરમાં ૭૪.૭૪ લાખ મતદારો ઘટયા છતાંય સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં વર્ષ ૨૦૨૧ ની ચુંટણીના સાપેક્ષમાં ઉંચુ વોટીંગ થયુ છે. વર્ષ ૨૦૨૧ માં કોવીડ-૧૯ ના નિયંત્રણો વચ્ચે મ્યુનિસીપલ કોર્પોરેશનમા ૪૬.૦૮ ટકા મતદાન નોંધાયુ હતું. રવિવારે ૪૪ ડીગ્રી ગરમી વચ્ચે મહાનગરોમાં ૫૦ ટકા થી વધુ મત પડયા હતા. જો કે ગ્રામીણ ક્ષેત્રે જિલ્લા અને તાલુકા પંચાયત ચુંટણીમાં ૬૨ થી ૬૩ ટકા આસપાસ મતદાન નોંધાયુ હતું. ફેબ્રુઆરી ૨૦૨૧ ની ચુંટણીમાં પંચાયતોમાં ૬૬.૬૮ ટકા મત પડયા હતા. ૨૭ ટકા ઓબીસી અનામત, ૯ નવી મ્યુનિસીપલ કોર્પોરેશન, ૧ નવો જિલ્લો અને ૧૭ નવા તાલુકાઓને કારણે નવા સીમાંકનનો રોટેશનો વચ્ચે યોજાયેલી આ પહેલી ચુંટણીમાં નોંધાયેલુ બમ્પર વોટીંગ વર્ષ ૨૦૨૭ ને અંતે યોજાનારી વિધાનસભા



ચુંટણીમાં કયા રાજકીય પક્ષના મુળીયા કેટલા ઉંડા કરશે તેનુ ભવિષ્ય આજે નકકી થશે. જે આજે થનારી મતગણતરીમાં સ્પષ્ટ થશે.

રવિવારે મતદાન દરમિયાન શહેરી સંસ્થા અને પાલિકાઓમાં એક વોર્ડ માં રાજકીય પાર્ટીની પેનલો અર્થાત ૪ ઉમેદવારોમાં મોટા પાયે ક્રોસવોટીંગ થયાની બુમો ઉઠી હતી. ઈવીએમમાં પડેલા મતો આજે મંગળવારે કંટ્રોલ યુનિટ સીયુ માં થી કુલ સરવાળો જાહેર થશે. ત્યારે એક પક્ષના ૪ ઉમેદવારોની પેનલો તુટે તો નવાઈ નહી.રીઝર્વેશનને કારણે શહેરી સંસ્થાઓમાં બેઠક ફાળવણી અને રોટેશનમાં બદલાવ થતા વોર્ડ માં અનામત વર્ગના ઉમેદવારોને સૌથી વધારે મત મળશે તો પણ તે સામાન્ય બેઠક પર વિજેતા જાહેર થઈ શકશે નહી. અલબત્ત કેટલીક પાલીકામાં એક વોર્ડ માં ૪ બેઠકોમાંથી ૨ સામાન્ય બેઠકો હોય ત્યાં ૧ સામાન્ય બેઠક પહેલાથી જ બિનહરીફ જાહેર થતા આજે મંગળવારે યોજાનારી મતગણતરી તબકકે કયા નિયમો હેઠળ પરીણામો અને વિજેતાની જાહેરાત કરવી તે અંગે રાજય ચુંટણી આયોગે ગણતરીકારોને માર્ગદર્શન પુરૂ પાડયુ હતું. આ ચુંટણીમાં મતદાન પહેલા જ ૧૦,૦૦૫ બેઠકો પૈકી ૭૩૬ બેઠકો પર ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. રવિવારે મતદાન હેઠળની ૯૨૬૨ બેઠકો સામે ૨૫૫૩૭ ઉમેદવારો ચુંટણીના જંગમાં હતા.

જિલ્લા પંચાયતોમાં ૬ વાગ્યા સુધીમાં ૬૧.૬૯ ટકા મતદાન નોંધાયુ હતું. જેમાં કુલ પુરુષ મતદારોમાંથી ૬૨.૮૮ ટકા મતદાન નોંધાયુ હતું. જયારે ૫૮.૨૯ ટકા મહિલાઓએ મતદાન કર્યુ હતું. જો કે રાજયના ૩૪ જિલ્લાઓમાં નર્મદા અને ડાંગ આ બે જિલ્લાઓમાં મહિલાઓએ મતાધિકારના ઉપયોગમાં પુરુષોને પણ પાછળ છોડયા હતા. નર્મદામાં ૮૦.૯૫ ટકા મહિલાઓ દ્વારા મતદાન થયુ હતું. જયારે પુરુષ મતદારોનુ પ્રમાણ ૮૦.૩૮ ટકા આસપાસ રહ્યુ હતું. ડાંગ માં પણ મહિલાઓનુ ૭૭.૫૬ ટકા અને પુરુષોનુ ૭૬.૪૬ ટકા મતદાન હતું. જયારે સૌરાષ્ટ્રના ૬ જિલ્લામાં પુરુષ અને મહિલા મતદારો વચ્ચે ૧૦ ટકાનુ અંતર રહ્યુ હતું.

## યાત્રીઓની સુરક્ષામાં પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝનની મોટી સફળતા :

# RPF ટીમે ટ્રેનમાં ચોરી કરવાની ટેવવાળા અપરાધીને પકડ્યો

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં યાત્રીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ સફળથા પ્રાપ્ત થઈ છે. પેસેન્જર ટ્રેન નંબર ૨૨૯૬૬ માં મહિલા યાત્રીનો કિમતી સામાન ચોરી કરનારા એક આરોપીની રેલવે સુરક્ષા બળ (RPF) દ્વારા તત્પરતા અને કુશળ કાર્યવાહી હેઠળ ધરપકડ કરવામાં આવી છે.

તારીખ ૨૬.૦૪.૨૦૨૬ ના રોજ RPF કન્ટ્રોલ/અમદાવાદથી પ્રાપ્ત રેલવે મદદ રેફરન્સ નંબર ૨૦૨૬૦૪૨૬૦૧૧૮૫ ના આધાર પર એક મહિલા યાત્રી દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી, જેમાં તેમણે આબૂ રોડથી અમદવાદ વચ્ચે જી/૪ કોચની સીટ નંબર ૦૧ થી પોતાનું કાળુ લેડિઝ પર્સ ચોરી થવાની સૂચના આપી. પર્સમાં ૦૨ હાથ ઘડિયાળ, ૦૩ મોબાઈલ (REALME, MOTOROLA અને INFINIX) તથા લગભગ રૂ. ૩૦૦૦/- મૂલ્યના ચાંદીના પાયલ હતા.




સિનિયર મંડળ સુરક્ષા કમીશનરના નિર્દેશનમાં ઈન્સપેક્ટર અમદાવાદના નેતૃત્વમાં રચાયેલ CPDS ટીમ (ASI માન સિહં, CT અનિલ કુમાર અને CT રામ અવતાર સ્વામી) દ્વારા ગુપ્ત દેખરેખ દરમિયાન પેસેન્જર ટ્રેન નંબર ૨૨૯૩૯ ઓખા-બિલાસપુર એક્સપ્રેસના જનરલ કોચથી એક શંકાસ્પદ વ્યક્તિને પકડવામાં આવી.

પૂછપરછ અને તપાસ દરમિયાન આરોપી પાસેથી ચાંદીના પાયલ, ચાંદીના તાર, આભૂષણ અને અન્ય સામગ્રી જપ્ત કરવામાં આવી. આરોપીની ઓળખ પર બેગથી ૦૨ લેડિઝ પર્સ, ૦૧ નાનું પર્સ, ૦૩ હાથ ઘડિયાળ, ૦૪ મોબાઈલ ફોન, રૂ. ૨૨૧૦/- રોકડા અને આર્ટિફિશિયલ જ્વેલરી જપ્ત કરવામાં આવી.

આરોપીએ પૂછપરછમાં પોતાનું નામ સમીરખાન (પુત્ર અફજલ ખાન પઠાણ), ઉંમર ૨૪ વર્ષ, રહેવાસી ફૂલવાડી, સૂરત (ગુજરાત) જણાવ્યું. તેણે સ્વીકાર કર્યું કે તેણે મહેસાણા સ્ટેશનની આસપાસ ટ્રેન નંબર ૨૨૯૬૬ ના S / 4 કોચની ઉપરોક્ત ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. આરોપીએ એ પણ સ્વીકાર કર્યો કે તે પહેલાં પણ ચોરીના મામલાઓમાં જોડાયેલો રહ્યો છે તથા સૂરતમાં તેની વિરૂદ્ધ પ્રકરણ નોંધાવા પર તે જેલની સજા કાપી ચુક્યો છે.

ધરપકડ કરાયેલ આરોપીને આગળની કાનૂની કાર્યવાહી માટે GRP મહેસાણાને સોંપી દેવામાં આવ્યો છે.

પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓને અપીલ :

યાત્રીઓને વિનંતી કરવામાં આવે છે કે તેઓ પોતાની યાત્રા દરમિયાન પોતાના સામાનની સુરક્ષા પ્રત્યે સતર્ક રહે તથા કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિની તરત સૂચના રેલવે હેલ્પલાઈન અથવા RPF/ GRP ને આપે.

# જનરલ મેનેજર પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મંડળના ચાર કર્મચારી સંરક્ષા પુરસ્કારથી સન્માનિત

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાણ્ડેયએ અમદાવાદ મંડળના ચાર કર્મચારીઓને તેમના ઉત્કૃષ્ટ કામ, સતર્કતા અને સુરક્ષિત ટ્રેન સંચાલનમાં મહત્વપૂર્ણ યોગદાન માટે "મેન ઓફ ધ મન્થ" (ફેબ્રુઆરી-૨૦૨૬) સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા.



સન્માનિત કર્માચારીઓની વિગતો નીચે પ્રમાણે છે :

શ્રી પ્રભાષ કુમાર યાદવ (સિનિયર ટ્રેન મેનેજર – ગુડ્ઝ)

શ્રી પ્રભાષ કુમાર યાદવે પોતાની ડ્યૂટી દરમિયાન બે જુદા-જુદા અવસરોએ ઉચ્ચ સ્તરની સતર્કતાનો પરિચય આપ્યો. તેમણે એક મામલામાં કન્ટેનરનું લોક ગાયબ જોયું તથા બીજા મામલામાં વેગનના પૈડા જામ હોવાની અને બ્રેક સિલિન્ડરના ખરાબ હોવાની વિષમ સ્થિતિને સમયસર ચિહ્નિત કરી. તેમની તાત્કાલિક કાર્યવાહીથી સંભવિત દુર્ઘટનના અને રેલવે સંપત્તિના નુકસાનને અટકાવી શકાયું.

શ્રી સુબોધ કુમાર (પોઈન્ટ્સમેન - ભીમાસર)

શ્રી સુબોધ કુમારે ડ્યૂટી દરમિયાન પસાર થતી ટ્રેનના એક વેગનમાં હેન્ગિંગ પાર્ટ જોયો. તેમણે તરત જ રેડ સિગ્નલ આપીને ટ્રેનનો રોકવાની પ્રક્રિયા શરૂ કરી અને સ્ટેશન માસ્ટરને જાણ કરી. સમયસર ત્રુટીને દૂર કરીને ટ્રેનનું સુરક્ષિત સંચાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું. તેમની સતર્કતાથી એક સંભવિત દુર્ઘટના ટળી ગઈ.

શ્રી દીપક કુમાર એસ. (ફિટર-I - ગાંધીધામ)

શ્રી દીપક કુમાર એસ. એ રોલિંગ એક્ઝામિનેશન દરમિયાન વેગનોમાં ગંભીર ટેકનિકલ ખામી જેમ કે ગ્રીસ સીલનું સરકવું અને CTRB કપનુ તૂટવું સમયસર ઓળખ્યું. તેમણે અગાઉ પણ આ પ્રકારની અસામાન્યતાઓને ઓળખીને આવશ્યક કાર્યવાહી સુનિશ્ચિત કરી. તેમની સૂક્ષ્મ તપાસ અને કામ પ્રત્યે સજાગતા રેલવે સુરક્ષાના ઉચ્ચ માનકોને દર્શાવે છે.

શ્રી દીપક કુમાર (ટ્રેક મેન્ટેનર-IV)

શ્રી દીપક કુમારે ડ્યૂટી દરમિયાન એ જોયુ કે એક ટ્રેન નિર્ધારિત ૨૦ કિમી/કલાકની ગતિ સીમાથી વધારે ગતિથી ચાલી રહી હતી. તેમણે તત્પરતા બતાવતાં લાલ ઝંડી દેખાડીને ટ્રેનને રોકી. તેમની સજાગતા અને કર્તવ્યનિષ્ઠાને કારણે સંભાવિત જોખમને ટાળવું શક્ય થયું. આ તમામ કર્મચારીઓની સતર્કતા, તત્પરતા અને કર્તવ્યનિષ્ઠા ભારતીય રેલવેની સંરક્ષા સંસ્કૃતિને સુદ્રઢ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પશ્ચિમ રેલવેને તેમના પર ગર્વ છે.

# વડોદરા મંડળમાં કાર્યરત પોઈન્ટ્સ મેન વિક્રમ જનરલ મેનેજર દ્વારા સંરક્ષા પુરસ્કારથી સન્માનિત: વેગનમાં ધુમાડો જોઈને ટ્રેન મેનેજરને જાણ કરીને ટાળી ગંભીર દુર્ઘટના

રેલવેના સંચાલનમાં સંરક્ષા સર્વોપરિ હોય છે અને એ સુનિશ્ચિત કરવા માટે દરેક કર્મચારીની સજાગતા અને સતર્કતા અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર શ્રી રામાશ્રય પાણ્ડેયએ વડોદરાના મંડળના રેલવે કર્મચારીને તેમના ઉત્કૃષ્ટ કામ માટે સંરક્ષા પુરસ્કારથી સન્માનિત કર્યા. આ પુરસ્કાર ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન ડ્યૂટી પર રહેતાં સતર્કતા બતાવવા અને સંભવિત દુર્ઘટનાઓને સમયસર ટાળવામાં મહત્વની ભૂમિકા ભજવવા માટે આપવામાં આવ્યા.



પશ્ચિમ રેલવેના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સકસેના દ્વારા આપવામાં આવેલ એક પ્રેસ રીલિઝ પ્રમાણે પુરસ્કાર મેળવનાર કર્મચારી શ્રી વિક્રમ બી પટેલિયા – પશ્ચિમ રેલવેના વડોદરા મંડળા ખરસાલિયામાં પોઈન્ટમેન ના પદ પર કાર્યરત છે. તારીખ ૧૧.૦૨.૨૦૨૬ ના રોજ ખરસાલિયા યાર્ડમા એક ગુડ્ઝ ટ્રેન વેગનોની સાથે ખરસાલિયા સ્ટેશનથી પસાર થઈ રહી હતી. "ઑલ રાઈટ" સિગ્નલની આપ-લે કરતી વખતે ઑફ-સાઈડ પૉઈન્ટ્સમેન શ્રી વિક્રમ બી પટેલિયાને એક વેગનમાં ગાઢ ધુમાડો નિકળતો જોયો. તેમણે તત્પરતા બતાવતાં તરત જ ટ્રેન મેનેજરને લાલ હેન્ડ સિગ્નલ પ્રદર્શિત કર્યો. ટ્રેન મેનેજરે વીએચએફ મારફતે લોકો પાયલોટને જાણ કરી તથા ગાર્ડે ઈમરજન્સી વાલ્વ મારફતે ક્રમિક રૂપે બ્રેક પાઈપ પ્રેશર ઘટાડવાનું આરંભ કર્યુ. ટ્રેનને સ્ટાર્ટર સિગ્નલ પસાર કરાવ્યા પછી સુરક્ષિત રૂપે રોકવામાં આવી. નિરીક્ષણ દરમિયાન ટ્રેન મેનેજર અને સહાયક લોકો પાયલોટે જોયું કે ૧૪ મા વેગનનું બ્રેક પિસ્ટન એપ્લાઈડ પોઝીશનમાં હતું તથા બ્રેક બ્લૉક અત્યંત જામ હતા. જોકે વેગનમાં POL (Petroleum Oil Lubricants) લોડ થયેલું હતુ. છેવટે આ સ્થિતિ અત્યંત ગંભીર સુરક્ષા જોખમ ઉતપન્ન કરી શકતી હતી.

ટ્રેન મેનેજર, સહાયક લોકો પાયલોટ અને સ્ટેશન સ્ટાફ દ્વારા તત્પરતાથી બ્રેકને મેન્યુઅલી રિલીઝ કરવામાં આવી. આ ઉપરાંત સંબંધિત વેગન પર બ્રેકના અનુપ્રયોગ અને રિલીઝની પુનઃ તપાસ કરવામાં આવી, જે સામાન્ય જણાઈ.

તેમની સતર્કતા, સજાગતા અને ત્વરિત કાર્યવાહીના ફળસ્વરૂપે સંભવિત ગંભીર દુર્ઘટના ટળી ગઈ તથા રોલિંગ સ્ટોક, કર્મચારીઓ, યાત્રીઓ અને રેલવે સંપત્તિની સુરક્ષા સુનિશ્ચિત થઈ. આ ઘટના રેલવે કામ પ્રત્યે તેમની નિષ્ઠા, સતર્કતા અને કર્તવ્ય પરાયણતાને દર્શાવે છે.

# ભાવનગર ટર્મિનસના વિકાસને નવી ગતિ-માનનીય મંત્રી શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ કર્યો નિરીક્ષણ, હેરિટેજ લુક અને યાત્રી સુવિધાઓ પર આપ્યો વિશેષ ભાર







માનનીય કેન્દ્રીય રાજ્ય મંત્રી ઉપભોક્તા બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ, ભારત સરકાર, શ્રીમતી નિમુબેન જયંતીભાઈ બાંભણિયાએ તારીખ ૨૭ એપ્રિલ ૨૦૨૬ (સોમવાર)ના રોજ ભાવનગર ટર્મિનસ રેલવે સ્ટેશન તેમજ ભાવનગર પરા મંડળ કચેરીની મુલાકાત લીધી.

મુલાકાત દરમિયાન તેમણે મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા સાથે બેઠક યોજી ભાવનગર ટર્મિનસ સ્ટેશન પર ચાલી રહેલા વિકાસ કાર્યોની વિગતવાર સમીક્ષા કરી. આ પ્રસંગે સ્ટેશનના પુનર્વિકાસ અને તેને હેરિટેજ લુક આપવા સંબંધિત વિવિધ પ્રસ્તાવો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતા જણાવ્યું કે માનનીય મંત્રીએ સ્ટેશન પરિસરનું નિરીક્ષણ કરી વિવિધ વિકાસ કાર્યોની પ્રગતિનો અહેવાલ લીધો. તેમણે મંડળ રેલ પ્રબંધક કચેરીમાં અધિકારીઓ સાથે બેઠક કરી પોતાના સાંસદીય ક્ષેત્રમાં ચાલી રહેલા રેલવે પ્રોજેક્ટ્સ અને વિકાસ કાર્યોની સમીક્ષા કરી.

માનનીય મંત્રીએ યાત્રિયોને વધુ સારી અને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા વિશેષ ભાર મૂક્યો અને મહત્વપૂર્ણ સૂચનો પણ આપ્યા. તેમણે સ્ટેશનના વિકાસ અને સૌંદર્યીકરણ સાથે યાત્રી સુવિધાઓમાં સતત સુધારો અને યાત્રી ગાડીઓમાં વધારો કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો, જેથી મુસાફરોને સુરક્ષિત, સરળ અને સુવિધાજનક મુસાફરીનો અનુભવ મળી શકે.

# રાજકોટ મનપામાં ચુંટણીના પરીણામ અગાઉ જ ભાજપ વોર્ડના કાર્યાલયોએ ફટાકડા ફોડી ઉજવણી કરાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજકોટ શહેર ભાજપની એક વરસોજુની પરંપરા રહી છે કે ચુંટણી પ્રક્રિયા અંતર્ગત મતદાન પૂર્ણ થયા બાદ બુથ ઉપર બેઠેલા તમામ પોલીંગ એજન્ટ્સ વોર્ડ ના મધ્યસ્થ કાર્યાલયે પહોચે ત્યારબાદ એક કલાક બુથ વાઈઝ મતદાનના આંકની સમિક્ષા થાય છે. અને તેના પરથી ભાજપ કેટલા મતે જીતશે તેનો અંદાજ જાહેર કરી આતશબાજી કરવામાં આવે છે. જો ભાજપ કાર્યાલય બહાર આતશબાજી ન થાય તો કંઈક અજુગતુ હશે તેમ માનવાનુ રહે.



વોર્ડ કાર્યાલયે આતશબાજી થયા બાદ તમામ વોર્ડ ના જવાબદારો આંકડાકીય માહિતી સાથે શહેર કાર્યાલયે પહોચે છે અને ત્યાં સમગ્ર શહેરની પરિસ્થિતિનો તાગ મેળવી લેવાય છે. ગઈ કાલે કરાયેલી સમિક્ષા મુજબ રાજકોટ મહાનગરપાલિકામાં સુનિશ્ચિતપણે ફરી ભાજપનુ શાસન આવે છે. દરમિયાન આ અંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવેએ ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે રાજકોટ મનપાની તમામ ૭૨ બેઠક ભાજપ જીતે છે. તેવો મને વિશ્વાસ છે, તેમણે વધુમાં કહ્યુ હતુ કે આ વખતે તો વોર્ડ નં. ૧૫ ની ચારેય બેઠકો ઉપર પણ ભાજપ જીતશે તે નિશ્ચિત છે. વોર્ડ નં. ૧૫ માં ૬૮.૩૯ ટકા જેવુ જંગી મતદાન થયુ તે ભાજપની તરફેણમાં જ થયુ છે.

રાજકોટ ની જનતાએ ભાજપ ઉપર જે ભરોસો મુકયો છે તે બદલ અમે જનતાના અભારી છીએ, તમામ વોર્ડમાં જંગી બહુમતીથી ભાજપનો જવલંત વિજય સુનિશ્ચિત છે.

## હોર્મુઝ ખોલવા અને યુદ્ધ ખતમ કરવા ઈરાનનો પ્રસ્તાવ

# ઈરાને કહ્યું પરમાણુ સંબંધિત વાતચીત હાલ ટાળવામાં આવે

## તેહરાને હોર્મુઝ સ્ટ્રેટને ફરી ખોલવા અને યુદ્ધને ખતમ કરવા માટે અમેરિકાને એક નવો શાંતિ પ્રસ્તાવ મોકલ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)તેહરાન

ઈરાન-અમેરિકા વચ્ચે બીજા તબક્કાની વાતચીતના સંકેત ભલે સીધી રીતે ન મળી રહ્યાં હોય, પરંતુ બેકડોરથી શાંતિ-સમજુતિનો પ્રયાસ યથાવત છે. અમેરિકા અને ઈરાન વચ્ચે જારી તણાવ વચ્ચે તેહરાને હોર્મુઝ સ્ટ્રેસ ફરી ખોલવા અને યુદ્ધ ખતમ કરવા માટે અમેરિકાને નવો શાંતિ પ્રસ્તાવ મોકલ્યો છે. એક્સિયોસે રવિવારે એક અમેરિકી અધિકારી અને મામલાની જાણકારી રાખનાર બે સૂત્રોના હવાલાથી જણાવ્યું કે ઈરાને પાકિસ્તાની મધ્યસ્થોના માધ્યમથી અમેરિકાને હોર્મુઝ સ્ટ્રેટને ફરી ખોલવા અને યુદ્ધ ખતમ કરવા માટે એક નવો પ્રસ્તાવ આપ્યો છે, જેમાં પરમાણુ વાર્તાને બાદના તબક્કા માટે સ્થગિત કરી દેવામાં આવી છે.

એક્સિયોસના રિપોર્ટ પ્રમાણે ઈરાન તરફથી અમેરિકાને મોકલવામાં આવેલા નવા શાંતિ પ્રસ્તાવમાં હોર્મુઝ સ્ટ્રેટને બીજીવાર ખોલવા, પરમાણુ વાર્તાને લઈને નવી શરતો અને સીઝફાયરને લઈને નાકાબંધી હટાવવી મુખ્ય રૂપથી સામેલ છે. રિપોર્ટ પ્રમાણે ઈરાન હોર્મુઝ સ્ટ્રેટને ફરી ખોલવા માટે તૈયાર છે. પ્રસ્તાવ હેઠળ સીઝફાયરને લાંબા સમય સુધી વધારવું કે સ્થાયી રૂપથી સમાપ્ત કરવા પર સહમતિ બની શકે છે. ઈરાનનો પ્રસ્તાવ છે કે પરમાણુ સંબંધિત વાતચીત હાલ ટાળી દેવામાં આવે અને પછીના તબક્કામાં શરૂ કરવામાં આવે. ઈરાનનું કહેવું છે કે પરમાણુ વાર્તા ત્યારે શરૂ થશે જ્યારે જળમાર્ગ ખુલી જશે અને આર્થિક નાકાબંધી સંપૂર્ણ રીતે હટાવી લેવામાં આવશે. તો ઈરાનના વિદેશમંત્રી અરાધચીએ મધ્યસ્થોને સ્પષ્ટ કર્યુ કે રિચ યુરેનિયમ પર ટ્રમ્પની માંગોને લઈને ઈરાનના નેતૃત્વમાં કોઈ સામાન્ય સહમતિ નથી. સૂત્રો અનુસાર વ્હાઈટ હાઉસને આ પ્રસ્તાવ મળી ગયો છે. પરંતુ તે સ્પષ્ટ નથી કે અમેરિકા ઈરાનની આ શરતો પર વિચાર કરવા માટે તૈયાર છે કે નહીં. તો જો હોર્મુઝ સ્ટ્રેટ ખુલે છે તો વૈશ્વિક તેલ સપ્લાયમાં મોટી રાહત મળી શકે છે.

### મોંઘવારી, બેકારી, ગુન્હાખોરીથી કંટાળેલી પ્રજા ધ્વારા

# અનિશ્ચિતતાના વાદળો વચ્ચે કરાયેલા મતદાનથી રાજકીય પાર્ટીઓના ગણિત બગડવાના મળતા એંધાણ?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

રાજયમાં પૂરી થયેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની નગર પાલિકાઓ, મહાનગર પાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ભર ગરમીમાં પણ જ્યારે મતદારો એ મતદાન કરી લોકશાહી પર્વની ઉજવણી કરી છે ત્યારે જે પ્રમાણે ચોક્કસ સમાજના વિસ્તારોમાં થયેલા ઊંચા મતદાનથી કોને ફાયદો થશે? અને કોને નુકશાન થશે? એની ગણતરી સત્તાધારી પક્ષથી લઈને આમ આદમી અને કોંગ્રેસ પાર્ટીમાં પણ શરૂ થઈ ગઈ છે.

આમ જોવા જઈએતો સ્થાનિક સ્વરાજયની આ ચૂંટણીઓ મૂળતો પાયાની જરૂરિયાતો ઉપર નિર્ભર છે. જેમકે ડ્રેનેજ(ગટર), પીવાનું પાણી, રોડ, રસ્તા, લાઈટ, શૌચાલય, ગેરકાયદે બાંધકામો વિગેરે મુદ્દાઓને ધ્યાનમાં લઈને લડાવી જોઈએ. પરંતુ મૂળ મુદ્દાનું તો જાણે શાસક પક્ષે કાસળ કાઢ્યુ હોય એમ એની તો કોઈ વાત જ નહીં, મોંઘવારીની કોઈ વાત નહીં,બેકારીની કોઈ વાત નહીં, ગુન્હાખોરી કેમ વધે છે? એની કોઈ વાત છેલ્લા ત્રીસ વર્ષ ઉપરાંતથી સુરત મ.ન.પા માં બેસતા શાસકો એ ક્યારેય કરી જ નથી કે કોઈ સભાઓમાં ક્યારેય કરતાં જ નથી હોતા.

એતો ઠીક પરંતુ ચૂંટણી લડનારા ઉમેદવારને ચૂંટણી પહેલા ક્યારેય કે ચૂંટણી જીત્યા પછી પણ શહેરના કેટલાક મતદારોએ તો પાંચ વર્ષ સુધી ક્યારેય જોયો પણ હોતો નથી છતાં ચૂંટણી જીતનારાને પ્રજાની સમસ્યાઓને બદલે જાણે કે પાંચ વર્ષમાં પોતાની જ સમસ્યા (આર્થિક) દૂર કરવામાં જ રસ હોય એમ કાલ કોણે દીઠી રે કાલ કોણે દીઠી? એ નાતે બીજી ટર્મમાં ટિકીટ મળે કે ના મળે પણ વર મરો કન્યા મરો ગોરનું તરભાણું ભરો એવી શાસકોની નીતિને કારણે પણ પ્રજામાં જે આક્રોશ જોવા મળી રહ્યો છે એ જોતા શાસક પક્ષ માટે ચિંતાનો વિષય છે. તો આમ આદમીને પોતાની સીટો બચાવવાની ચિંતા છે અને કોંગ્રેસને ખાતું ખોલી પહેલ કરવાની ચિંતા છે.

આમ અનિશ્ચિતતાના વાદળો વચ્ચે થયેલી આ ચૂંટણીના પરિણામો જ્યારે કાલે આવશે ત્યારે જ ખબર પડશે કે પ્રજાનો આક્રોશ જે પ્રમાણે દેખાતો હતો એ પ્રમાણે મતપેટીઓમા દેખાયો છે કે પછી એ જ જૂની કેસેટ હિન્દુ ખતરામાં છે માટે દે ઠોક, દે ઠોક કરીને ફરી પાછા આજ શાસકોની પાર્ટીને સત્તા સ્થાને ઠોકી બેસાડી પ્રજા પોતાના જ પગ ઉપર કુહાડો મારે છે? એ સમય જ કહેશે. થોભો અને રાહ જુઓ.

# જો મતદારોએ પોતાના "મત" ની કિંમત સમજી ને મતદાન કર્યું હશે તો ભાજપ માટે કપરા ચઢાણ હશે???

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

સુરતમાં કાળઝાળ ગરમી અને ફાટફાટ થતી મોંઘવારીના મારથી પીસાઈ રહેલી પ્રજા તેલ, ગેસ, દૂધ, અનાજ સહિતની જીવનજરૂરી ચીજોની સર્જાયેલી અછત અને વધેલા ભાવોથી ત્રાહિમામ પોકારી ઉઠી છે ત્યારે એવા સમયે જ આવેલી સ્વાયત સંસ્થાઓ નગરપાલિકા, મહાનગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોની ચૂંટણીમાં કોનું પલ્લું ભારે કરે છે એ સમજવું જરા અઘરું છે.

કારણકે આ ચૂંટણીમાં ભાજપ માટે લોઢાના ચણા ચાવવા પડે તો નવાઈ નહીં. ઉપરાંત ઘરેલુ ચીજો ના વધેલા ભાવ વધારાની સાથે જ સુરત શહેરમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન સત્તાપક્ષ સામે જે રીતે ઠેર-ઠેર વિરોધ જોવા મળ્યો ખાસ કરીને જે વિસ્તારો ભાજપના ગઢ સમાન છે તેવા વિસ્તારોમાં પણ ભાજપના કમીટેડ મતદારોએ પણ જાકારો આપતા ભાજપ ઉમેદવારોનું ટેન્શન વધ્યું છે

તો વળી પાટીદારોના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ આમ આદમી પાર્ટીનું જોર આ તમામ મુદ્દાઓ વચ્ચે પણ પ્રજામાં દેખાઈ રહ્યું છે ત્યારે હવે અન્ય મુદ્દાઓની જો વાત કરીએ તો લઘુમતી વિસ્તારોમાં અશાંતધારો, યુસીસી ના વિરોધમાં જે પ્રમાણે પોસ્ટરો લગાડી સત્તાધારી પાર્ટીનો જે વિરોધ કરાઈ રહ્યો છે એ પણ ભૂલાય એવું નથી.

આમ આ વખતની ચૂંટણી ભાજપ માટે કપરા ચઢાણ ચડવાની રહેશે કારણ કે મતદારોનો સવાલોનો આક્રોશ જે પ્રમાણે ભાજપ ના ઉમેદવારોને શરમજનક દશા માં મૂકીને નજરો નીચી કરાવી પાછા ફરવા મજબૂર કરી રહ્યો છે. એ જોતા એટલુ તો ચોક્કસ છે કે પ્રજા હવે હિમ્મત દેખાડી ને સત્તાધારીઓને સવાલ પૂછી મૂંજવણમાં તો મૂકી જ રહી છે. ત્યારે પોતાની વોટ બેંક બચાવવા જે પ્રમાણેના શામ-દામ-દંડ-ભેદ ની નીતિનો બેશરમ બની ઉપયોગ કરનાર સત્તાધારી પક્ષ ભાજપ પરિવર્તનના પવનમાં ફેકાઈ જાય છે કે પવન અને આંધી વચ્ચે અડીખમ રહે છે એ તો હવે તા.૨૮/૦૪/૨૦૨૬ ના રોજ જ ખબર પડશે.

# ગુજરાતમાં ઉનાળાની કાળઝાળ ગરમીને લઈ શાળાઓના સમયમાં કરાયો ફેરફાર

પ્રતિનિધિ,ગાંધીનગર



ગુજરાતમાં અત્યારે સુર્યનારાયણ આકરા પાણીએ છે. અમદાવાદ સહિત રાજયના અનેક શહેરોમાં પારો ૪૪.૮ ડીગ્રીને પાર કરી ગયો છે. વધતી જતી ગરમી અને હીટવેવની સ્થિતિને ધ્યાનમાં રાખીને શિક્ષણ વિભાગ એકશન મોડમાં આવ્યુ છે.


વિદ્યાર્થીઓના આરોગ્યને પ્રાથમિકતા આપીને શિક્ષણ વિભાગ દ્વારા તમામ શાળાઓ માટે નવી ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી છે. શિક્ષણ વિભાગ દ્વારા આપવામાં આવેલી નવી સુચનાઓ મુજબ હવે શાળાઓએ ગરમીના સમય દરમિયાન વિદ્યાર્થીઓને બપોરે ૧૨ વાગ્યા સુધીમાં શાળા છોડી દેવાની વ્યવસ્થા કરવાની રહેશે. આ નિર્ણયનો મુખ્ય હેતુ બાળકોને હીટસ્ટ્રોક અને ગરમીથી થતી અન્ય બિમારીઓથી બચાવવાનો છે. નવી માર્ગદર્શિકામાં શાળાઓને કડક આદેશ આપવામાં આવ્યો છે કે વિદ્યાર્થીઓને ગરમીના સમયે કોઈપણ સંજોગોમાં ખુલ્લા મેદાનમાં બેસાડવા નહી અને કોઈપણ પ્રકારની આઉટડોર રમતો કે અન્ય પ્રવૃત્તિઓનુ આયોજન કરવુ નહી, આ સાથે જ શાળાઓમાં પીવાના શુધ્ધ અને ઠંડા પાણીની પુરતી વ્યવસ્થા જાળવી રાખવી પડશે અને ખાસ કરીને પ્રાથમિક શાળાના નાના બાળકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને વિશેષ તકેદારી રાખવી અનિવાર્ય રહેશે.

હાલમાં જયારે સીબીએસઈ, આઈસીએસઈ અને રાજય બોર્ડની શાળાઓમાં નવુ શૈક્ષણિક સત્ર અથવા પરીક્ષાઓની કામગીરી ચાલી રહી છે. ત્યારે આ નિયમ તમામ ખાનગી અને સરકારી શાળાઓને સમાન રીતે લાગુ પડશે.

શિક્ષણ વિભાગે સ્પષ્ટ કહ્યુ છે કે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય સાથે કોઈપણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહી. ગરમીના વધતા પ્રકોપ વચ્ચે લેવાયેલા આ નિર્ણયથી વાલીઓમાં પણ રાહતનો માહોલ જોવા મળી રહ્યો છે. વાલીઓનુ માનવુ છે કે બપોરના સમયે નાના બાળકો માટે ગરમી સહન કરવી મુશ્કેલ હોય છે. ત્યારે આ નિર્ણય ઘણો આવકારદાયક છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ ભાજપે મહેસાણા જિલ્લાના ૫ આગેવાનોને ઘરભેગા કર્યા

પ્રતિનિધિ,ગાંધીનગર




ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ ૨૬ એપ્રિલના રોજ યોજાઈ હતી. અને હવે ઉમેદવારોના પરીણામની આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ત્યારે ૨૮ એપ્રિલ એટલે કે આજે પરીણામ જાહેર થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીએ મહેસાણા જિલ્લાના ભાજપના ૫ આગેવાનોને સસ્પેન્ડ કર્યા છે.

સ્થાનિક સ્વરાજયની ચુંટણી ૨૦૨૬ દરમિયાન પક્ષ વિરોધી પ્રવૃત્તિ કરનાર વિરૂધ્ધ ભાજપ એકશન મોડમાં આવ્યુ છે. નજીકના સમયગાળામાં સાબરકાંઠા જિલ્લામાંથી ભાજપના કેટલાક બળવાખોર નેતાઓને સસ્પેન્ડ કર્યા બાદ ભાજપે મહેસાણા જિલ્લાના ૫ આગેવાનોને ઘરભેગા કર્યા છે. જિલ્લા ભાજપ અધ્યક્ષ ગીરીશ રાજગોરે આ આગેવાનોને સસ્પેન્ડ કર્યા છે. ભાજપના ૫ સભ્યોને પ્રાથમિક તેમજ સક્રિય સભ્યપદેથી ૬ વર્ષ માટે સસ્પેન્ડ કર્યા છે. ભાજપે જે આગેવાનોને સસ્પેન્ડ કર્યા છે. તેમાં જિલ્લા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ જગદીશ એમ પટેલ (ખેરવા), એપીએમસી ઉનાવાના ડીરેકટર સુરેશ ડી પટેલ, ખેરાલુ તાલુકા ભાજપના પુર્વ મહામંત્રી દિનેશ ચૌધરી, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ પરેશ જે પટેલ અને કોંગ્રેસ પક્ષમાં ઉમેદવારી કરનાર સક્રિય સભ્ય કલ્પેશ કે પટેલનો સમાવેશ થાય છે. પાર્ટી વિરૂધ્ધમાં ગેરશિસ્ત કરવા બદલ ભાજપે ગંભીર નોંધ લઈ આ કાર્યવાહી કરી છે.

# ધંધુકા તાલુકાની હડાદ જિલ્લા પંચાયત બેઠક પરના ઈવીએમ ખાનગી વાહનમાં લઈ જવાતા પકડાતા તંત્રના ધજાગરા: કર્મચારીઓએ કબુલી ભુલ

પ્રતિનિધિ,ગાંધીનગર




ધંધુકા તાલુકાની હડાદ જિલ્લા પંચાયત બેઠક પર મતદાન પ્રક્રિયા બાદ ઈવીએમ સગેવગે કરવાનો ગંભીર આરોપ લગાડવામાં આવ્યો છે. ગોગતપર ગામે મતદાન કેન્દ્ર થી ઈવીએમ સીલ થયા બાદ તેને નિયમ વિરૂધ્ધ ખાનગી વાહનમાં લઈ જવામાં આવતા ભારે હોબાળો થયો હતો. ચુંટણી પંચના નિયમ મુજબ મતદાન પૂર્ણ થયા બાદ ઈવીએમ મશીનોને સીલ કરીને માત્ર સરકારી વાહનમાં જ સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમ સુધી પહોચાડવાના હોય છે. જો કે ગોગતપર ગામે આ નિયમનુ ઉલ્લંઘન જોવા મળ્યુ હતું. ગોગતપર ગામે ઈવીએમ સીલ થયા બાદ તેને સરકારી વાહનને બદલે ખાનગી વાહનમાં રવાના કરવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ આક્ષેપ કરનાર ઉમેદવાર ને આશરે ૪૦ મીનીટ બાદ થઈ હતી. જાણ થતા જ ઉમેદવાર દ્વારા તપાસ કરવામાં આવી હતી અને ખાનગી વાહનમાં લઈ જવાઈ રહેલા ઈવીએમ મશીનોને પકડી પાડવામાં આવ્યા હતા. ખાનગી વાહનમાં ઈવીએમની હેરાફેરી થતા ચુંટણી પ્રક્રિયાની પારદર્શિતા સામે સવાલો ઉભા થયા છે. આ મામલો ગરમાતા અંતે ત્યાં હાજર સરકારી કર્મચારીઓએ પોતાની ભુલ સ્વીકારી લીધી હતી. અધિકારીઓએ સ્વીકાર્યુ હતુ કે નિયમ મુજબ ખાનગી કારમાં ઈવીએમ લઈ જઈ શકાય નહી.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીને કેટલી બેઠકો મળશે ? જયોતિષોનો મેગા પોલ

પ્રતિનિધિ,ગાંધીનગર




ગઈ કાલે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ મતદાન પૂર્ણ થઈ ગયુ છે. હવે સૌની નજર આજના પરીણામો પર છે. ચુંટણીપંચ ના આંકડા મુજબ રાજયમાં સરેરાશ ૫૯ ટકા થી વધુ મતદાન નોંધાયુ છે. જેમાં જિલ્લા પંચાયતોમાં ૬૦.૬૩ ટકા જેટલુ વોટીગ થયુ હતું. ગઈ કાલે મીડીયાને જયોતિષોનો મેગા પોલે આકડા રજુ કર્યા હતા.

ભારતીય સંસ્કૃતિમાં જયોતિષ શાસ્ત્રનુ ખુબ મોટુ મહત્વ છે. ત્યારે પરીણામો વિશે ગ્રહોની ચાલ શુ કહે છે તે જાણવુ રસપ્રદ રહેશે. કઈ પાર્ટી પર શનિ વક્રી છે અને કયા નેતાના ગ્રહો જોર કરી રહ્યા છે. તે જાણવા માટે હાર્દિક પટેલ, હેમીલ લાઠીયા, અશોક સોની, મૌલિક ભટ્ટ, જયદીપ પરમાર, કેતન પટેલ, રાજ મોદી અને અનુજ રાજપુત એમ કુલ ૮ જાણીતા જયોતિષ જોડાયા હતા.

સૌથી પહેલા વાત કરીએ તો રાજયની સૌથી મોટી અમદાવાદ મહાનગરપાલિકાની અમદાવાદ મહાનગરપાલિકાની ૪૮ વોર્ડ ની ૧૯૨ બેઠકો માટે આશરે ૪૫.૩૫ ટકા મતદાન નોંધાયુ હતું. (વર્ષ ૨૦૨૧ માં ૪૨.૫૧ ટકા મતદાન હતું) ૮ જયોતિષોના સરેરાશ પોલ મુજબ અમદાવાદમાં ભાજપને ૧૫૩ બેઠકો મળી શકે છે. જયારે કોંગ્રેસને ૩૭, આમ આદમી પાર્ટીને ૧ અને અન્યને ૧ બેઠક મળવાનુ અનુમાન છે. યાદ રહે કે ૨૦૨૧ ના પરીણામોમાં અહી ભાજપે ૧૫૯ અને કોંગ્રેસે ૨૫ બેઠકો જીતી હતી. જયારે અન્યના ફાળે ૮ બેઠકો ગઈ હતી. હવે જોઈએ સૌરાષ્ટ્રના પાટનગર રાજકોટ મહાનગરપાલિકાની રાજકોટ માં ૧૮ વોર્ડ ની ૭૨ બેઠકો માટે સરેરાશ ૪૭ ટકા મતદાન નોંધાયુ હતું. જે ૨૦૨૧ માં ૫૦.૭૨ ટકા હતુ, જયોતિષોની ગણતરી મુજબ અહી ભાજપને ૫૯ અને કોંગ્રેસને ૧૧ બેઠકો મળી રહી છે. આ ઉપરાંત આમ આદમી પાર્ટી પણ ૨ બેઠકો સાથે પોતાનુ ખાતુ ખોલાવી શકે છે. ગત ચુંટણીમાં ભાજપે ૬૮ અને કોંગ્રેસે ૪ બેઠકો મેળવી હતી. સંસ્કારી નગરી વડોદરાની વાત કરીએ તો વડોદરા કોર્પોરેશનમાં ૧૯ વોર્ડ ની ૭૬ બેઠકો માટે ૪૭.૦૧ ટકા મતદાન નોંધાયુ હતું. (૨૦૨૧ માં ૪૭.૮૪ ટકા હતુ) ૮ જયોતિષોના મતે વડોદરામાં ભાજપ ૬૭ બેઠકો સાથે સત્તા જાળવી રાખશે. કોંગ્રેસને ૮ અને અન્યને ૧ બેઠક મળી શકે છે, આમ આદમી પાર્ટીનુ ખાતુ અહી ખુલતુ નથી, ૨૦૨૧ ના પરીણામોમાં વડોદરામાં ભાજપને ૬૯ અને કોંગ્રેસને ૭ બેઠકો મળી હતી.

ડાયમંડ સીટી સુરતમાં ૩૦ વોર્ડની ૧૨૦ બેઠકો પર ખરાખરીનો જંગ છે. ચાલુ વરસે સુરતમાં ૫૫ ટકા જેટલુ સારૂ મતદાન થયુ છે. જયારે ૨૦૨૧ માં ૪૭.૧૪ ટકા મતદાન થયુ હતું. ૮ જયોતિષોના મત પ્રમાણે સુરતમાં ભાજપને ૯૫ બેઠકો મળી શકે છે, કોંગ્રેસ ૭ બેઠકો જીતી શકે છે, જયારે આમ આદમી પાર્ટીને ૧૭ બેઠકો મળવાનો અંદાજ છે અને અન્યના ફાળે ૧ બેઠક જઈ શકે છે. નોંધનીય છે કે વર્ષ ૨૦૨૧ માં સુરતમાં ભાજપે ૧૦૫ અને આમ આદમી પાર્ટીએ ૧૫ બેઠકો જીતી હતી. જયારે કોંગ્રેસનુ ખાતુ ખુલ્યુ ન હતું. ભાવનગર મહાનગર પાલિકાની વાત કરીએ તો ભાવનગર મહાનગર પાલિકાના ૧૩ વોર્ડ ની ૫૨ બેઠકો માટે ૪૭.૨૬ ટકા મતદાન નોંધાયુ હતું(૨૦૨૧ માં ૪૯.૪૬ ટકા મતદાન હતું) જયોતિષોની આગાહી છે કે ભાજપને અહી ૪૦ બેઠકો મળી શકે છે. કોંગ્રેસને ૧૧ અને આમ આદમી પાર્ટીને ૧ બેઠક મળવાની સંભાવના છે. ગત ચુંટણીમાં ભાવનગરમાં ભાજપને ૪૪ અને કોંગ્રેસ ને ૮ બેઠકો મળી હતી. છેલ્લે જામનગરની વાત કરીએ તો જામનગર મહાનગરપાલિકામાં ૧૬ વોર્ડ ની ૬૪ બેઠકો માટે ચાલુ વરસે ૫૨ ટકા મતદાન થયુ હતું.(જે ૨૦૨૧ માં ૫૩.૩૮ ટકા હતુ) ૮ જયોતિષોના પોલ અનુસાર જામનગરમાં ભાજપ ૪૬ બેઠકો પર જીત મેળવી શકે છે. જયારે કોંગ્રેસને ૧૬ બેઠકો મળશે. આ સાથે જ આમ આદમી પાર્ટી અને અન્યને ૧-૧ બેઠક મળી શકે છે. ૨૦૨૧ માં જામનગરમાં ભાજપને ૫૦, કોંગ્રેસને ૧૧ અને અન્યને ૩ બેઠકો મળી હતી.

# બનાસકાંઠા જિલ્લાના વડગામના થલવાડા ગામે નજીવી બાબતે યુવકની ઠંડા કલેજે હત્યા: પરીવારજનોએ લાશ સ્વીકારવાનો ઈન્કાર

પ્રતિનિધિ,ગાંધીનગર



બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના થલવાડા ગામે માનવતાને શરમાવે તેવી એક ઘટના બહાર આવી છે. માત્ર નજીવી બાબતે થયેલા વિવાદમાં એક યુવકની પાઈપો વડે ફટકારીને હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે. સોરમ સીપાઈ નામના યુવક પર ૩ શખ્સોએ જીવલેણ હુમલો કરતા તેનુ કરૂણ મોત નિપજયુ હતું.

આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારેલા અગ્નિ જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી અને મુસ્લીમ સમુદાયના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

ઘટનાની વિગતો મુજબ ગામમાં આવેલી એક મટન શોપની ગંદકી અને પક્ષીઓના પીંછા ઉડીને ઘાસચારામાં આવતા હતા. સોરમભાઈ આ બાબતે મટન શોપના સંચાલકોને રજુઆત કરવા ગયા હતા કે આ ગંદકીને કારણે પશુઓના ઘાસચારામાં મુશ્કેલી પડે છે. આ સામાન્ય વાતચીતે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ હતું અને જોતજોતામાં મામલો હત્યા સુધી પહોચી ગયો હતો. આરોપો મુજબ ૩ શખ્સોએ ઉશ્કેરાઈ જઈને સોરમભાઈ સીપાઈ પર લોખંડની પાઈપો વડે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ તેમને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી હતી. લોહીલુહાણ હાલતમાં સોરમભાઈને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટુંકી સારવાર બાદ તેમનુ મોત નિપજયુ હતું. એક જાગૃત નાગરીક તરીકે ગંદકી દુર કરવાનુ કહેવુ સોરમભાઈ માટે કાળ સાબિત થયુ છે.

યુવકના મોતની ખબર વાયુ વેગે ફેલાઈ જતા જ વડગામ સીવીલ હોસ્પીટલ ખાતે પરીવારજનો અને સમાજના આગેવાનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. ન્યાયની માંગ સાથે લોકોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. જયાં સુધી હત્યા કરનાર ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં નહી આવે ત્યાં સુધી પરીવારે લાશ સ્વીકારવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. હોસ્પીટલ પરીસરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ મામલે વડગામ પોલીસે ગુન્હો નોંધી આરોપીઓને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે. સમાજના અગ્રણીઓનુ કહેવુ છે કે આ કેસમાં કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે જેથી ભવિષ્યમાં કોઈ આવી હિંમત ન કરે, હાલમાં ગામમાં શાંતિ જળવાઈ રહે તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. નજીવી બાબતે એક યુવકે જીવ ગુમાવતા પંથકમાં શોક નુ મોજુ ફરી વળ્યુ છે.

# સુરતના વેસુમાં લિફટમાં ૧૧ લોકો ફસાઈ ગયા: ઓવરવેટને કારણે અધવચ્ચે લોક થયાનો દાવો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરતના વેસુ વિસ્તારમાં આવેલી આશીર્વાદ કોમ્પ્લેક્સમાં ટેકનિકલ ખામીના કારણે અચાનક લિફ્ટ બંધ થઈ જતાં તેમાં સવાર મહિલાઓ અને બાળકો સહિત ૧૧ વ્યક્તિઓ ફસાઈ ગયા હતા. અંધારપટ અને ગભરાટ વચ્ચે લોકોએ બૂમાબૂમ કરી મૂકી હતી, જોકે ફાયર વિભાગની ટીમે સમયસર પહોંચીને તમામ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આશીર્વાદ કોમ્પ્લેક્સમાં જ્યારે ૧૧ લોકો લિફ્ટમાં જઈ રહ્યા હતા, ત્યારે અચાનક પાવર ફેલ્યોર અથવા કોઈ યાંત્રિક ખામી સર્જાઈ હતી. લિફ્ટ ગ્રાઉન્ડ ફ્લોર અને બેઝમેન્ટની વચ્ચે જ લોક થઈ ગઈ હતી. લિફ્ટની અંદર ૨ બાળકો પણ હોવાથી પરિવારજનોમાં ભારે ચિંતા પ્રસરી ગઈ હતી. અંદર ફસાયેલા લોકોએ મદદ માટે બૂમો પાડતા કોમ્પ્લેક્સના અન્ય લોકો એકઠા થઈ ગયા હતા અને તુરંત વેસુ ફાયર સ્ટેશનને જાણ કરી હતી. ઘટનાની જાણ થતાં જ વેસુ ફાયર વિભાગનો કાફલો આધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ફાયર જવાનોએ લિફ્ટના દરવાજાને કટર અને અન્ય સાધનોની મદદથી સાવચેતીપૂર્વક ખોલ્યા હતા. અંદાજે અડધા કલાકની જહેમત બાદ અંદર ફસાયેલા બંને બાળકો સહિત તમામ ૧૧ સભ્યોને એક પછી એક સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. લિફ્ટમાંથી બહાર નીકળ્યા બાદ લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો અને ફાયર બ્રિગેડની કામગીરીની પ્રશંસા કરી હતી.

# આજે હિંમતનગરમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના પરીણામની મતગણતરીને લઈ કેટલાક રોડ રસ્તાઓને ડાયવર્ઝન કરાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાની સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જેમાં હિંમતનગર નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત બેઠકોની મતગણતરી આજે તારીખ ૨૮ એપ્રિલના રોજ સરકારી પોલીટેકનીક કોલેજ મોતીપુરા ખાતે થવાની છે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુથી જિલ્લા કલેકટર દ્વારા ટ્રાફીક ડાયવર્ઝનનુ જાહેરનામુ બહાર પાડવામાં આવ્યુ છે.

પોલીટેકનીક હાઈવે ચાર રસ્તા થી સીવીલ હોસ્પીટલના મુખ્ય દરવાજા સુધીનો માર્ગ તમામ પ્રકારના વાહનો અને રાહદારીઓ માટે આજે તારીખ ૨૮ એપ્રિલ સવારના ૬ વાગ્યા થી રાત્રીના ૮ વાગ્યા સુધી પ્રતિબંધિત રહેશે.

વૈકલ્પિક રૂટની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ગઢોડા થી મોતીપુરા તરફ આવતા વાહનોને સીવીલ સામેની શંકુઝ કેન્સર હોસ્પીટલ કોમ્પલેક્ષ પાસેથી જીઆઈડીસીની અંદર થઈ મોતીપુરા તરફ જઈ શકાશે. તો બીજી તરફ પોલીટેકનીકથી ગઢોડા તરફ જતા વાહનો હાઈવે રોડ થઈ સાબરડેરી ત્રણ રસ્તા તરફથી પસાર થઈ શકશે. તો બીજી તરફ સોસાયટીના રહીશો માટે શરણમ્ સોસાયટી અને આદર્શ બંગ્લોઝના રહીશો સીવીલ રોડ થઈ ટીપી રોડ દ્વારા મોતીપુરા તરફ અવર જવર કરી શકશે. આ જાહેરનામાથી સીવીલ હોસ્પીટલના દર્દીઓ, ઈમરજન્સી સેવાઓ, એમ્બ્યુલન્સ, કોલેજના પ્રોફેસરો, વિદ્યાર્થીઓ તેમજ ચુંટણી ફરજ પરના અધિકારીઓ અને ઉમેદવારોના વાહનોને મુકિત આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત વિરૂધ્ધ ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૧ હેઠળ કાયદેસરની કાર્યવાહી અને દંડ કરવામાં આવશે.